સંપ્રદાયનો સર્વાંગી વિકાસ કરતું શ્રી સ્વા. મંદિર - સરધારનું મુખપત્ર

# શ્રી સ્વામિનારાયણ ચિંતન

જૂન-૨૦૦૯
બે વર્ષ લવાજમ રૂા.૧૬૦/-





સર્વાવતારી સર્વોપરી ઈષ્ટદેવ ભગવાન **શ્રી સ્વામિનારાયણ**ના
આઠમા વંશજ અને સદ્ધર્મ રક્ષક વડતાલ દેશ પીઠાધિપતિ
**પ.પૂ. સનાતન ધ.ધુ. ૧૦૦૮ શ્રી ધર્મકુળભૂષણ,**
**ધર્મભાસ્કર, ધર્મમાર્તંડ, ધર્મકુળ ચુડામણી આચાર્ય શ્રી**
**અજેન્દ્રપ્રસાદજી મહારાજશ્રી**ના
**'ગાદિ પટ્ટાભિષેક'ના રજત જયંતિ વર્ષ**ને અભિવંદના સાથે
કોટિ કોટિ વંદના
લી. ધર્મકુળ આશ્રિત શ્રી સ્વામિનારાયણ સત્સંગ સમાજ



પ. પૂ. ધ.ધુ ૧૦૦૮ શ્રી આચાર્ય શ્રી અજેન્દ્રપ્રસાદજી મહારાજશ્રીના 'ગાદિ પટ્ટાભિષેક'ના

## ૨૫ રજત જયંતી વર્ષને અભિવંદના


























**પ.પૂ. ધ.ધુ. ૧૦૦૮ શ્રી આચાર્ય મહારાજશ્રીના 'ગાદિ પટ્ટાભિષેક'ના રજત જયંતિ વર્ષમાં વિશ્વશાંતિ અને ભગવાન શ્રીહરિની પ્રસન્નતાર્થે આગામી આંતરરાષ્ટ્રીય 'શ્રી સ્વા. મહામંત્ર મહોત્સવ'ના ઉપક્રમે સરધારધામને આંગણે યોજાયેલ પાંચમો 'શ્રી સ્વામિનારાયણ બાળ-યુવા મહોત્સવ' (તા. ૨૧-૫-૦૯ થી ૨૪-૫-૦૯)**

૧-૨-૩. મહોત્સવમાં દર્શન-અમૃતવાણીનો અલભ્ય લાભ આપવા પધારેલ પ.પૂ. લાલજી મહારાજશ્રીની ભવ્ય શોભાયાત્રામાં જોડાયેલ બાળ-યુવા ભક્તો તેમજ હરિભક્ત સમુદાય. ૪. સરધાર સભામંડપમાં વિરાજમાન ઠાકોરજીની આરતી ઉતારતા પ.પૂ. લાલજી મહારાજશ્રી. ૫. પ.પૂ. લાલજી મહારાજશ્રીના સાંનિધ્યમાં પોતાની કળા રજુ કરતો આંતરરાષ્ટ્રીય કરાટે ચેમ્પપીયન વિજેતા શ્રી દક્ષેશ પટેલ - સુરત. ૬-૭. ઉચ્ચ અભ્યાસક્રમોમાં પ્રથમક્રમાંકે આવેલા બાળકો તથા યુવાનોનું રૂડા આશીર્વાદ આપી બહુમાન કરતા પ.પૂ. લાલજી મહારાજશ્રી. ૮. બાળ-યુવા મહોત્સવમાં ભક્તજનોથી ઉભરાતો વિશાળ સભામંડપ. ૯. મહોત્સવ દરમ્યાન પૂ. સંતો દ્વારા આધ્યાત્મિક યોગનું શિક્ષણ લેતા યુવાન ભક્તજનો. ૧૦. પૂ. સંતો સાથે મહોત્સવનો લાભ લેવા આવેલ બાળકો. ૧૧. મહોત્સવમાં વિધ વિધ રમતોનો લાભ લેતા બાળકો. ૧૨. મહોત્સવ દરમ્યાન ઠાકોરજીના મહાપ્રસાદરૂપી ટેટી-તરબુચ મહોત્સવનો લાભ લેતા બાળકો તથા યુવાનો.



જોષીપુરા(વડોદરા)ને આંગણે યોજાયેલ નૂતન મંદિરનો મૂર્તિ પ્રતિષ્ઠા મહોત્સવ (તા. ૨ થી ૪-૬-૨૦૦૯)



રામપર(તા. લાઠી)ને આંગણે યોજાયેલ નૂતન મંદિરનો પ્રાણ પ્રતિષ્ઠા મહોત્સવ (તા. ૧ થી ૭-૬-૨૦૦૯)

# ટૂંક સમયમાં જ પ્રકાશિત થાય છે...

વ્હાલા ભક્તજનો ! પ.પૂ. સનાતન ધ.ધુ. ૧૦૦૮ શ્રી ધર્મકુળભૂષણ, ધર્મભાસ્કર, ધર્મમાર્તંડ, ધર્મકુળ ચુડામણી આચાર્ય શ્રી અજેન્દ્રપ્રસાદજી મહારાજશ્રીના 'ગાદિ પટ્ટાભિષેક'ના **પચ્ચીસ વર્ષ** પ્રસંગે તેઓશ્રીના સત્સંગ વિચરણના કાર્યોની **સૂક્ષ્મઝલક** રૂપે **'અભિવંદના'** ગ્રંથ પ્રકાશિત કરવામાં આવશે. જો આપના ગામમાં કે શહેરમાં પ.પૂ. મહારાજશ્રીના વિશિષ્ટ કાર્યક્રમો થયા હોય અને તેમની સ્મૃતિરૂપે ફોટો યા તવારીખ હોય તો અમારો વહેલીતકે સંપર્ક કરવા નમ્ર વિનંતી.

**સંપર્ક :- સાધુ અમૃતસ્વરૂપદાસજી**
**મો. ૯૮૭૯૭૫૮૫૦૩,**


**પૂ. ઘનશ્યામસ્વામી-વડતાલ**
**મો. ૯૮૨૫૧૩૪૧૦૮**



અયોધ્યા હનુમાનગઢીને આંગણે યોજાયલે પૂ. શ્રી લાલીરાજાશ્રીનો ચૌલ સંસ્કાર મહોત્સવ (તા. ૧૧-૫-૨૦૦૯)



ગઢપુરને આંગણે દાદાખાચરના દરબારગઢમાં યોજાયેલ કથા-પારાયણમાં પધારેલ પ.પૂ. લાલજી મહારાજશ્રી (૧૭-૫-૨૦૦૯)



બાંભણ ગામને આંગણે યોજાયેલ પ.પૂ. લાલજી મહારાજશ્રીના વરદ્ હસ્તે નૂતન મંદિરનો ભૂમિપૂજન મહોત્સવ (તા. ૨૨-૫-૦૯)



રાંદેર(સુરત)ને આંગણે પ.પૂ. લાલજી મહારાજશ્રીના સાંનિધ્યમાં યોજાયેલ વાર્ષિક પાટોત્સવ (તા. ૨૫ થી ૨૬-૫-૦૯)



:: સંસ્થાપક ::    :: અધ્યક્ષ ::

# શ્રી સ્વામિનારાયણ ચિંતન


વર્ષ :- ૪, અંક :- ૧૨, તા. ૨૦-૦૬-૦૯

:: પ્રયોજક ::
પૂ. સ.ગુ. સ્વામી શ્રી નિત્યસ્વરૂપદાસજી

:: પ્રકાશક ::
શ્રી સ્વામિનારાયણ મંદિર - સરધાર
E-mail : sms_108@yahoo.com

:: તંત્રી ::
સાધુ પતિતપાવનદાસજી

:: સંપાદક ::
સ્વામી શ્રી આનંદસ્વરૂપદાસજી(વેદાંતાચાર્ય)


સંપ્રદાપનો સર્વાંગી વિકાસ કરતું શ્રી સ્વામિનારાયણ મંદિર - સરધારનું રજિસ્ટર્ડ મુખપત્ર ઈ.સ. ૨૦૦૫ના ઓક્ટોમ્બર માસથી પ્રારંભાયેલું, દર માસની ૨૦ તારીખે પ્રકાશિત થતું, આપના સમગ્ર કુટુંબ -પરિવારમાં આનંદ અને સંસ્કારની સૌરભ પ્રસરાવે અને જીવનનું અનેરું ઘડતર કરતું સામયિક.

:: લવાજમના દર ::

| | |
|---|---|
| બે વર્ષ | : રૂા. ૧૬૦/- |
| પંચવાર્ષિક | : રૂા. ૩૫૦/- |
| પચ્ચીસ વર્ષ | : રૂા. ૭૫૦/- |
| પરદેશમાં લવાજમ | : $ 200 U.S.A. |
| | : £ 100 U.K. |


:: લવાજમદર અંગે ગ્રાહક પત્ર વ્યવહાર ::
'ચિંતન કાર્યાલય'
શ્રી સ્વામિનારાયણ મંદિર - સરધાર
તા.જી. રાજકોટ - ૩૬૦૦૨૫. ફો.નં. ૦૨૮૧ - ૨૭૮૧૨૧૧
Visit us : www.sardhardham.org
E-mail : chintansardhar@yahoo.in




કિધા દત્તપુત્ર પોતે દોષ, અવધપ્રસાદ રઘુવીર સોય; આપી ગાદી આચારજ કીધા, તેને મંદિર દેશ વહેંચી દીધા. (ભક્ત ચિંતામણી : પ્ર. ૯૧/૪૬)

## અનુક્રમણિકા



વંદે મહાપુરુષ તે ચરણારવિન્દમ્ ........ ૦૬


શ્રીચરણોમાં અભિવંદના સહ ભાવાંજલિ ........ ૦૭


શ્રી અજેન્દ્રપ્રસાદજી મહારાજશ્રીની સંક્ષિપ્ત જીવનગાથા ........ ૦૮


ગાદિપટ્ટાભિષેકનો સોનેરી અવસર ........ ૧૨


પ. પૂ. ધ.ધુ. આચાર્ય મહારાજશ્રીના સત્સંગ પરિભ્રમણના વિશિષ્ટ કાર્યક્રમો ........ ૩૦


લેખક/સંકલન :- સાધુ અમૃતસ્વરૂપદાસજી, ગુરુ : પૂ. સ.ગુ. સ્વામી શ્રી નિત્યસ્વરૂપદાસજી





# વંદે મહાપુરુષ તે ચરણારવિન્દમ્

મોટા બંધ બંધાય, તેમાં કેટલો જળસંગ્રહ થશે, તેનો અંદાજ બાંધી શકાય, કારણ કે એ માનવ સર્જિત છે. પરંતુ મહાસાગરની જળરાશિનું માપ કોઈ અંદાજી શકતું નથી, કારણ કે તે **પરમાત્મા સર્જિત** છે. માટે જ તે **અપાર** છે, **અમાપ** છે.

એ જ રીતે કોઈ સામાન્ય માનવીનાં કાર્યો, સદ્‌ગુણો આદિનો અંદાજ કાઢી શકાય, કારણ કે એ માનવી છે, પરંતુ જે **પરમાત્મા વિભૂતિ** છે, તેનાં શુભ કાર્યોનો, તેમના જીવનનો અંદાજ વ્યક્ત કરવાનું કઠિન છે, કારણ કે એ અમાપ છે, અપાર છે.

તેમ છતાં મહાપુરુષોનાં **શુભકાર્યો, સદ્‌ગુણોનું ચિંતન** સામાન્ય માનવી માટે **જીવનપથ પ્રદર્શક** બને છે. માટે જ દક્ષિણ વિભાગ વડતાલ દેશ પીઠાધિપતિ **પ.પૂ. ધ.ધુ. ૧૦૦૮ શ્રી આચાર્ય શ્રી અજેન્દ્રપ્રસાદજી મહારાજશ્રી**ના અનંત શુભકાર્યો, શ્રેયસ્કારી સદ્‌ગુણોના **અમાપ સાગર**માંથી આ 'શ્રી સ્વામિનારાયણ ચિંતન' સામયિકમાં **યથાવકાશ** શક્ય તેટલો **સંગ્રહ** કર્યો છે. તેમાંથી ભાવિકો, મુમુક્ષુઓ, ભક્તાત્માઓ **આસ્વાદ** મેળવીને દિવ્યાનંદ પ્રાપ્ત કરશે અને સત્કાર્યોની પ્રેરણા પામશે, **સત્સંગ અને ભક્તિનું બળ** મેળવશે.

**પ.પૂ. ધ.ધુ. આચાર્ય મહારાજશ્રી**એ **ધર્મધુરા** ધારણ કરી તેનાં **પચ્ચીસ વર્ષ** દરમ્યાન અને તે પૂર્વનાં વર્ષોમાં પણ, દેશ-વિદેશમાં ક્યાં ક્યાં વિચરણ કર્યું, કેટકેટલાં ભક્તોનાં ઘરો સ્વપદારવિંદથી પાવન કર્યાં, કેટલાં હરિમંદિરો અને મહામંદિરોમાં ભગવાન શ્રીહરિનાં સ્વરૂપોની પ્રાણ પ્રતિષ્ઠાઓ કરી, મુમુક્ષુઓને ગુરુમંત્ર-સંતદીક્ષા પ્રદાન કરી તથા ધાર્મિક અને સામાજિક ક્ષેત્રે કેવી સેવાઓ સમર્પી, તેની કિંચિત્ **સૂક્ષ્મ ઝલક** આ **'શ્રી સ્વામિનારાયણ ચિંતન'** સામયિકમાં રજૂ કરવાનો નમ્ર પ્રયાસ કર્યો છે. અને આ સામયિક પ.પૂ. ધ.ધુ. આચાર્ય મહારાજશ્રી તથા સમસ્ત સત્સંગ સમાજને સમર્પિત કરતાં **આનંદની લાગણી** અનુભવીએ છીએ.












વડતાલ દેશ પીઠાધિપતિ ધર્મકુળભૂષણ, ધર્મભાસ્કર, ધર્મકુળ ચુડામણી

**પ. પૂ. ધ.ધુ. ૧૦૦૮ શ્રી આચાર્ય શ્રી અજેન્દ્રપ્રસાદજી મહારાજશ્રીના**

# શ્રીચરણોમાં અભિવંદના સહ ભાવાંજલિ




સર્વાવતારી ઈષ્ટદેવ **ભગવાન શ્રી સ્વામિનારાયણે** અનંતજીવના કલ્યાણ માટે 'શ્રી સ્વામિનારાયણ સંપ્રદાય'ની સ્થાપના કરી છે. પોતાના સ્વધામગમન બાદ આ **મોક્ષની પરંપરા અવિરતપણે ચાલુ રહે** તે માટે સ્વહસ્તે મંદિરો બનાવ્યા, પોતાના સ્થાને આચાર્યપદની સ્થાપના કરી અને સત્શાસ્ત્રોની રચના કરાવી, મોક્ષનો માર્ગ અવિરત વહેતો રાખ્યો છે. (શ્રી સત્સંગિજીવન : ૪/૨૪) ભગવાન શ્રી સ્વામિનારાયણે પોતાના દત્તકપુત્ર **શ્રી રઘુવીરજી મહારાજ**ને વડતાલ **શ્રી લક્ષ્મીનારાયણદેવ દેશ ગાદિના પીઠાધિપતિ** તરીકે સ્થાપન કરી અને પોતાનું તેજ-ઐશ્વર્ય પ્રતાપ તેઓમાં સ્થાપન કરી સ્વહસ્તે આરતી ઉતારી છે અને સત્સંગિજીવનમાં તેમજ દેશવિભાગના લેખમાં પ.પૂ.ધ.ધુ. આચાર્ય શ્રી રઘુવીરજી મહારાજ પછી યોગ્ય આચાર્ય નિમણુંકની પરંપરા ચાલે તેના માટે આદેશો પણ કરેલા છે. આ દિવ્ય પરંપરામાં **પ.પૂ. ધ.ધુ. આચાર્યશ્રી રઘુવીરજી મહારાજશ્રી** પછી તેમના ઉત્તરાધિકારી **પ.પૂ. ધ.ધુ. આચાર્ય શ્રી ભગવતપ્રસાદજી મહારાજ, પ.પૂ. ધ.ધુ. આચાર્ય શ્રી વિહારીલાલજી મહારાજ, પ.પૂ. ધ.ધુ. આચાર્ય શ્રી શ્રીપ્રતિપ્રસાદજી મહારાજ, પ.પૂ. ધ.ધુ. આચાર્ય શ્રી આનંદપ્રસાદજી મહારાજ** તથા **પ.પૂ. ધ.ધુ. આચાર્ય શ્રી નરેન્દ્રપ્રસાદજી મહારાજે** આ પદ શોભાવ્યું.

ત્યારબાદ એક શુભ અવસરે પ.પૂ. ધ.ધુ. આચાર્યશ્રી નરેન્દ્રપ્રસાદજી મહારાજશ્રીએ વિ.સં. ૨૦૪૦ વૈશાખ સુદ ૧૩/૧૪ તારીખ ૧૩-૫-૧૯૮૪ ના શુભ દિવસે પોતાના ઉત્તરાધિકારી તરીકે પોતાના પુત્ર **પ.પૂ. શ્રી અજેન્દ્રપ્રસાદજી મહારાજશ્રી**ને પોતાના સ્થાને શ્રી લક્ષ્મીનારાયણ દેવ ગાદીના આઠમા **'આચાર્યશ્રી'** તરીકે સ્થાપન કર્યા. તેમજ તેમના **'ઉત્તરાધિકારી'** તરીકે **પ.પૂ. લાલજી શ્રી નૃગેન્દ્રપ્રસાદજી મહારાજશ્રી**ની નિયુક્તિની ઉદ્‌ઘોષણા પ.પૂ. ધ.ધુ. આચાર્યશ્રી નરેન્દ્રપ્રસાદજી મહારાજશ્રીએ કરી હતી. આ દિવ્ય પ્રસંગને હાલ વિ. સં. ૨૦૬૫ના વૈશાખ સુદ ૧૩/૧૪ના દિવસે **૨૫ વર્ષ** પૂર્ણ થયા.

આ સંપ્રદાયના ગુરુપદનું સુકાન સંભાળી **પ.પૂ. ધ.ધુ. ૧૦૦૮ શ્રી આચાર્ય શ્રી અજેન્દ્રપ્રસાદજી મહારાજશ્રી**એ તેમજ **પ.પૂ ૧૦૮ શ્રી લાલજી મહારાજશ્રી નૃગેન્દ્રપ્રસાદજી મહારાજશ્રી**એ રાત-દિવસ કે ભૂખ-તરસ જોયા વિના અવિરત પ્રયત્ન કરી લાખો હરિભક્તોને મોક્ષના માર્ગે ચડાવ્યાં છે અને અક્ષરધામના અધિકારી બનાવ્યા છે. અસંખ્ય મંદિરોનો જીર્ણોદ્ધાર તેમજ નવનિર્માણ કરી/કરાવી, અનેક સત્શાસ્ત્રોના પ્રકાશન કરી/કરાવી, સંઘર્ષ સામે અડીખમ રહી **ધર્મની રક્ષા** માટે તેમજ ભગવાન શ્રીહરિના સ્થાપિત **સિદ્ધાંતોના પુનઃસ્થાપન કરાવા** પ્રયત્નશીલ રહી સત્સંગને પોષણ મળે તે માટે **સતત કાર્યશીલ** રહ્યા છે. આવા સમર્થ, ધર્મવાન, પવિત્ર ગુણવાન ગુરુને પામી સમસ્ત દક્ષિણ વિભાગ સત્સંગ સમાજ **ધન્યતા** અનુભવે છે અને તેઓના શ્રીચરણોમાં **અભિવંદના** સાથે **ભાવાંજલિ** અર્પે છે.





સર્વાવતારી સર્વોપરી ઈષ્ટદેવ ભગવાન શ્રી સ્વામિનારાયણના આઠમા વંશજ અને સદ્ધર્મ રક્ષક, વડતાલ દેશ પીઠાધિપતિ
પ.પૂ. સનાતન ધ.ધુ. ૧૦૦૮ શ્રી ધર્મકુળભૂષણ, ધર્મભાસ્કર, ધર્મમાર્તંડ, ધર્મકુળ ચુડામણી આચાર્ય

# શ્રી અજેન્દ્રપ્રસાદજી મહારાજશ્રીની સંક્ષિપ્ત જીવનગાથા

**પ્રાદુર્ભાવ :** તા. ૧૬-૦૮-૧૯૪૯, સં. ૨૦૦૫ - શ્રાવણ સુદ - ૭ (શીતળા સાતમ) **ગાદિપટ્ટાભિષેક :** તા. ૧૩-૫-૧૯૮૪, સં. ૨૦૪૦ - વૈશાખ સુદ - ૧૩/૧૪ (નૃસિંહ જયંતી)

## ભગવાન શ્રીહરિના આઠમાં વંશજ પ.પૂ. ધ.ધુ. મહારાજશ્રીનો પ્રાદુર્ભાવ

વિ.સં. ૨૦૦૫ ! ૨૦મા સૈકાની વિદાય અને એકવીસમી સદીના ઉદયનાં દુદુંભી ! અષાઢી મેઘને પીને ધરતી તૃપ્ત થઈ ગઈ હતી. તેના પેટાળમાં રહેલા રસકસને વલોવીને ખેતરો અને વાડીઓ લીલાછમ બની ગયાં હતા. શ્રાવણનાં સરવડાં તે ઊભા મોલને-જુવારને લીલાછમ બાજરાના છોડને - ઊંટ પણ ન આંબે એવા ઊંચેરા કરવા ધીમી બુંદે વરસી રહ્યાં હતા. સારાંય વિશ્વમાં **અધર્મનો નાશ** કરી **ધર્મની સ્થાપના** માટે પ્રગટેલા **ભગવાન શ્રીકૃષ્ણચંદ્રજીના પ્રાગટ્યના મહોત્સવ**ની વધામણીનો **ઉલ્લાસ** હતો અને શ્રી સ્વામિનારાયણ સંપ્રદાયના આચાર્યપ્રવર પ.પૂ. ધ.ધુ. ૧૦૦૮ શ્રી આચાર્ય શ્રી નરેન્દ્રપ્રસાદજી મહારાજશ્રીના હૈયામાં પણ હરખનાં પૂર રેલાયાં હતાં.

વિ. સં. ૨૦૦૫ના પવિત્ર **શ્રાવણ** માસમાં **કૃષ્ણ પક્ષ**ની **સપ્તમી**ના મંગલકારી દિવસે-મંગળવારે શ્રી સ્વામિનારાયણ સંપ્રદાયની શ્રી લક્ષ્મીનારાયણ દેવ દેશની ગાદીના ભાવિ વારસદાર અને ભગવાન શ્રી સ્વામિનારાયણના અપરસ્વરૂપ સમા પ.પૂ. ધ.ધુ. ૧૦૦૮ આચાર્ય શ્રી અજેન્દ્રપ્રસાદજી મહારાજશ્રીનો **પ્રાદુર્ભાવ** થયો. સંપ્રદાયને મળ્યા **લાલજી મહારાજશ્રી અજેન્દ્રપ્રસાદજી મહારાજશ્રી.**

તેમના પ્રાગટ્ય સ્થાને અને દિવસે **સંપ્રદાયના વૈભવી વડલા જેવા** વડતાલ ગાદીના છઠ્ઠા **પ.પૂ. ધ.ધુ. ૧૦૦૮ આચાર્ય શ્રી આનંદપ્રસાદજી મહારાજનું સાક્ષાત ઉપસ્થિત** હોવું એ એક અનોખો **દિવ્ય સંયોગ** જ હતો. ઘોર કળિયુગમાં પણ તેમની અમીદૃષ્ટિ અને દિવ્ય છાયાથી સુરક્ષિત અને પ્રત્યક્ષ વિહરતી **સંપ્રદાયની મેધા**નું આજે કોઈ **ગૌરવ** ધારણ કરી રહ્યું છે.


## શિક્ષણ અને સંસ્કાર

બાળપ્રભુ શ્રી ઘનશ્યામ મહારાજના ચૌલ સંસ્કાર મહોત્સવ પરંપરા અનુસાર અયોધ્યામાં હનુમાનગઢીને આંગણે સં. ૨૦૧૦માં પિતાશ્રી પ.પૂ. આચાર્ય શ્રી નરેન્દ્રપ્રસાદજી મહારાજશ્રીના દિવ્ય સાંનિધ્યમાં પ.પૂ. આચાર્યજી મહારાજશ્રીના ચૌલ સંસ્કારવિધિ કરવામાં હતા. સં. ૨૦૧૯ના વૈશાખ માસમાં પ.પૂ. ધ.ધુ. ૧૦૦૮ આચાર્ય શ્રી નરેન્દ્રપ્રસાદજી મહારાજશ્રી દ્વારા પ.પૂ. આચાર્યજી મહારાજશ્રીને **ગુરુમંત્ર** અને **ઉપનયન સંસ્કાર** પ્રદાન કરવામાં આવ્યા હતા.

## સાંપ્રદાયિક પ્રશિક્ષણ-૧૨ વર્ષની વયે સંપ્રદાયમાં સત્સંગ વિચરણના શ્રીગણેશ : વિદેશ પ્રવાસ

આ પ્રભાવી બાળક દિવ્ય બ્રહ્મતેજ અને જ્ઞાનથી ઝળહળી ઉઠ્યા અને બાર વર્ષની નાની વયથી જ સત્સંગ કાજે ભાવના સમર્પણ કરવાની ઉત્કંઠા જાગી. આ દરમ્યાન તેઓએ સૌરાષ્ટ્રના **મહુવા ક્ષેત્રમાં ૧૭ દિવસનો પ્રવાસ** ખેડી સંપ્રદાયની ઉન્નતિ અને સર્વાંગી પ્રભાવના વિસ્તાર કાજે **મંગલાચરણ** કર્યું. પ્રભાવશાળી બાલ્યાવસ્થા, તેજસ્વી કિશોરાવસ્થા અને લાલજી મહારાજપદની ગરિમાને ચાર ચાંદ લગાવી સંપ્રદાયમાં એક શ્રદ્ધેય નેતૃત્વ પુરૂ પાડી સત્સંગના મહિમાને **ગતિ શીલ** બનાવ્યો છે. તેજોજ્જવલ પ્રભા અને દિવ્ય જ્ઞાનથી ઝળહળતુ તેમનું સ્વરૂપ સમગ્ર ધર્મના વડાઓના વર્તમાન અભ્યાસથી વધુ **પ્રભાવી** રહ્યું છે.

વડતાલ સાર્ધ શતાબ્દી મહોત્સવ, મુંબઈમાં શ્રી ગોલોકવિહારી મહારાજનો શતાબ્દી પાટોત્સવ, ગોંડલ મંદિરનો અર્ધ શતાબ્દી પાટોત્સવ, **ભગવાન શ્રી સ્વામિનારાયણ** પ્રાગટ્યનો **દ્વિશતાબ્દી મહોત્સવ** જેવા સંપ્રદાય માટે યુગ પ્રભાવક ગૌરવરૂપ પ્રસંગોને લાલજી મહારાજશ્રીના પદ પર રહી શોભાવ્યા અને માણ્યા.



પ.પૂ. મહારાજશ્રીનો ચૌલ સંસ્કાર મહોત્સવ - હનુમાનગઢી અયોધ્યા



ચૌલ સંસ્કારવિધિ પ્રસંગે ધર્મકુળ પરિવાર સાથે પ.પૂ. મહારાજશ્રી



ધર્મકુળ પરિવારના પૂ. વડિલજનો સાથે બાળસ્વરૂપે પ.પૂ. મહારાજશ્રી



પ.પૂ. પિતાશ્રી સાથે યજ્ઞોપવિત સંસ્કારવિધિમાં પ.પૂ. મહારાજશ્રી



પ.પૂ. પિતાશ્રી સાથે યજ્ઞોપવિત સંસ્કારવિધિમાં પ.પૂ. મહારાજશ્રી

ભગવાન શ્રી સ્વામિનારાયણ પ્રાગટ્યનો દ્વિશતાબ્દી મહોત્સવના ઉપલક્ષમાં વિદેશમાં વસતા સત્સંગીજનોને સત્સંગનું સુખ આપવા પિતાશ્રી પ.પૂ. આચાર્ય શ્રી નરેન્દ્રપ્રસાદજી મહારાજશ્રી સાથે સૌપ્રથમવાર લાલજી મહારાજશ્રી પદે ઈ.સ. ૧૮૮૨માં આફ્રિકાનો **ધર્મપ્રવાસ યાત્રા** કરી હતી.

'બી.એ, એમ.એ અને એલ.એલ.બી' એમ સાંસારિક સાક્ષરતાના ઉંચા લક્ષ્યાંકો પ્રાપ્ત કરી, ક્ષેત્ર વ્યાપ્ત તમામ ભાષાઓ ઉપર ભારે પ્રભુત્વ અને લાલજી મહારાજના મોભાને છાજે એ રીતે ઘણી નાની વયથી જ સત્સંગીઓના જીવનમાં પ્રાણ ફુંકી તેમના જીવનને સંવારવામાં મહત્વપૂર્ણ યોગદાન આપ્યું છે.

## શ્રવણ-શી પિતૃભક્તિ

સતત પ્રવૃત્તિ વચ્ચે પણ સેવાના મર્મને સાદ્યંત પચાવી ચૂકેલા પ.પૂ. આચાર્યજી મહારાજશ્રીએ પૂ. પરદાદા દ્વારા પ્રાપ્ત કરેલ તત્ત્વજ્ઞાન અને ધાર્મિક મહત્ત્વને પિતાશ્રી પાસેથી અનુગૃહિત કરી, પિતૃસેવા અને માતૃસેવાનો **ઉચ્ચ આદર્શ** પુરો પાડ્યો. ભગવાન શ્રી સ્વામિનારાયણની આજ્ઞાને અનુસરી પ.પૂ. ધ.ધુ. ૧૦૦૮ આચાર્ય શ્રી આનંદપ્રસાદજી મહારાજની અવિરત સેવા કરી, તેમજ પિતાશ્રીના મનને પણ પુલકિત નિર્મળ હૈયે સેવાભાવિ સંતાનરૂપે પરમસંતોષ આપે તેવા સમર્પિત ભાવે સેવારત રહ્યા તથા માતૃઋણ મુક્તિનો ધર્મ બજાવી તેઓની ઉત્તરક્રિયા શાસ્ત્રનાં સઘળા કર્મકાંડને અનુરૂપ સંપન્ન કરી, એક **શ્રવણ જેવા સંતાન** બની ૭૭ દિવસમાં પૂ. પિતાશ્રીના અસ્થિ વિસર્જન માટે ૫૭૯ ગામોનો પ્રવાસ કરી પિતૃઋણમાંથી જાણે મુક્તિ પ્રાપ્ત કરી. પૂ. પિતાશ્રીની સ્મૃતિ માટે વડતાલમાં શ્રી લક્ષ્મીનારાયણાદિ દેવોના **સુવર્ણ ધ્વજ દંડનું નિર્માણ** કરાવ્યું. આવા ઉદાત્ત પિતૃ-માતૃ ભક્ત પ.પૂ. આચાર્યજી મહારાજશ્રીનું સ્થાન મહાન ગૌરવવંતુ હોય તે અપેક્ષિત છે.

## દાંપત્ય - માંગલ્ય

બ્રહ્મચર્યાશ્રમ પરિપૂર્ણ કરી ચૂકેલા પ.પૂ આચાર્યજી મહારાજશ્રી પ્રભુતાના પગલાં માંડે એ **શુભઘડી** પણ આવી પહોંચી.



પૂ. મામાશ્રી સાથે યજ્ઞોપવિત સંસ્કારવિધિમાં પ.પૂ. મહારાજશ્રી



લાલજી સ્વરૂપે પ.પૂ. પિતાશ્રી સાથે સત્સંગ વિચરણના શ્રીગણેશ



પ.પૂ. પિતાશ્રી સાથે વડતાલ દેવોના દર્શને પ.પૂ. લાલજી મહારાજશ્રી



પ.પૂ. પિતાશ્રી, સુપ્રિમકોર્ટના ચીફ જસ્ટીસ સાહેબ
તેમજ લાલજી સ્વરૂપે પ.પૂ. મહારાજશ્રી



પ.પૂ. આચાર્ય શ્રી આનંદપ્રસાદજી મહારાજશ્રી તેમજ પ.પૂ. આચાર્ય
શ્રી દેવેન્દ્રપ્રસાદજી મહારાજશ્રીનું દિવ્ય સાંનિધ્યમાં પ.પૂ. મહારાજશ્રી



ભારત સરકાર દ્વારા રાષ્ટ્રપતિ પુરસ્કારથી સન્માનિત, કાશીનરેશના કુલગુરુ તેમજ સંપૂર્ણાનંદ સંસ્કૃત વિદ્યાપીઠ કાશીના પૂર્વકુલપતિ તથા વિદેશોમાં અનેક પ્રસંગોએ ભારત સરકારના પ્રતિનિધિરૂપે સંસ્કૃત અધિવેશનમાં ઝળકી રહેલા વિદ્વાન સારસ્વત **પૂ. બદ્રિનાથ શુકલજીની દ્વિતિય કન્યા** સાથે વિ.સં.૨૦૨૭ના વૈશાખ સુદ -૩ (અક્ષયતૃતીયા) તા. ૮-૫-૧૯૭૦ના મંગલ દિને લગ્ન નિર્ધારવામાં આવ્યા. આ લગ્નોત્સવ શાસ્ત્રોક્ત વિધિપૂર્વક તેમજ દબદબાપૂર્વક મોક્ષદાયિનીનગરી કાશી ખાતે પરિપૂર્ણ થયો. વડીલોના આશીર્વાદ સાથે પ.પૂ. આચાર્યજી મહારાજશ્રીના **ગૃહસ્થાશ્રમ**ની **મંગલયાત્રા** આરંભાઈ. હજારો સત્સંગીઓના લાડીલા પ.પૂ. આચાર્યજી મહારાજશ્રીનાં ગુણવંતા-શીલવંતા જીવનસંગિની અને સત્સંગી મહિલાઓનાં ગુરુનું ગૌરવવતું સ્થાન દીપાવનાર પ.પૂ. ગાદીવાળા માતૃશ્રીએ આચાર્યકુળમાં લક્ષ્મી સ્વરૂપે પદાર્પણ કર્યું.



આ પવિત્ર યુગલનું એકમાત્ર ધર્મપરાયણ પ્રસન્ન દાંપત્ય જીવનના સામાજીક સંબંધથી જોડાયેલ છતાં અલૌકિક સંસારયાત્રાના મેઘાવી મહત્ત્વને વધારતા એવા, (૧) પૂ. રમાકુંવરબા(લાલીરાજા), (૨) પ.પૂ. ૧૦૮ શ્રી લાલજી મહારાજશ્રી નૃગેન્દ્રપ્રસાદજી મહારાજશ્રી, , (૩) પૂ. ઉર્વશીબા (લાલીરાજા), તથા (૪) પૂ. નાનાલાલજી શ્રી પુષ્પેન્દ્રપ્રસાદજી મહારાજના વાત્સલ્યપૂર્ણ પિતા તરીકે સંપ્રદાયના સત્સંગીઓના પણ આદર્શ પિતાશ્રી બની રહ્યા છે.







લાલજી મહારાજશ્રી અજેન્દ્રપ્રસાદજી મહારાજશ્રી
વહાલસોયા પિતાશ્રીની સંગે સાંપ્રદાયિક આસન પર

## 'આઠમા આચાર્યશ્રી' તરીકે પ.પૂ. ધ.ધુ. મહારાજશ્રીના

# ગાદિપટ્ટાભિષેકનો સોનેરી અવસર



વિ.સં. ૨૦૪૦ વૈશાખ સુદ - ૧૪(નૃસિંહ જયંતિ) ને તા. ૧૩ મે ૧૯૮૪ની શુભ સવાર ! સંપ્રદાયના હજારો આશ્રિતો શ્રી સ્વામિનારાયણ મંદિર - વડતાલના પટાંગણમાં પોતાના આધ્યાત્મિક રાહબર અને સર્વાવતારી **ભગવાન શ્રી સ્વામિનારાયણની આજ્ઞા અનુસાર** શ્રી સત્સંગિજીવન અને દેશ-વિભાગના લેખના આદેશ(વિદ્યમાન આચાર્યશ્રી જ અનુગામી આચાર્યશ્રીની નિમણુંક કરી શકે એવી આજ્ઞા) અનુસાર દક્ષિણ વિભાગ વડતાલ દેશના ગુરુસ્થાને વિરાજમાન થનાર પ.પૂ. આચાર્યજી મહારાજશ્રીના દર્શન કરવા ભક્ત સમૂદાય ઉભરાયો હતો.

સૌપ્રથમ વડતાલ મંદિરના સન્મુખ-પટાંગણમાં શ્રી રામપ્રતાપજી મહારાજના બંગલા સામેના ભાગમાં આચાર્ય શ્રી નરેન્દ્રપ્રસાદજી મહારાજશ્રી દ્વારા શ્રી અજેન્દ્રપ્રસાદજી મહારાજશ્રીનો **શાસ્ત્રોક્તવિધિ અનુસાર અભિષેક** કરવામાં આવ્યો. ત્યારબાદ વડતાલ મંદિરના પાછલા ભાગમાં ગાદીસ્થાનનો ઓટો (આચાર્ય સ્થાપનાનો ઓટો) આવેલ છે જ્યાં ભગવાન શ્રી સ્વામિનારાયણે પોતાના દત્તપુત્ર આદિઆચાર્ય શ્રી રઘુવીરજી મહારાજ તથા શ્રી અયોધ્યાપ્રસાદજી મહારાજને આચાર્ય તરીકે સ્થાપન કર્યા હતા. તે પવિત્ર સ્થાનમાં પ.પૂ. ધ.ધુ. ૧૦૦૮ શ્રી આચાર્ય શ્રી નરેન્દ્રપ્રસાદજી મહારાજશ્રીએ પોતાના સ્થાને પદારૂઢ કરવા ઈચ્છેલા **પ.પૂ. સમીપવર્તી ભાવિઆચાર્ય** શ્રી અજેન્દ્રપ્રસાદજી મહારાજશ્રીને પ્રસાદીના વસ્ત્ર પરિધાન (ધારણ) કરાવ્યા. ત્યારપછી શ્રી અજેન્દ્રપ્રસાદજી મહારાજને તથા લાલજી શ્રી નૃગેન્દ્રપ્રસાદજીને પણ ઉત્તરાધિકારી તરીકે નિમણુંક માટે ત્યાં બેસારેલા અને વસ્ત્ર પરિધાન કરાવી **તિલક** કરેલું. ત્યારબાદ કાશીના વિદ્વાનો અને ગુજરાતના સાંપ્રદાયિકના વિદ્વાન ભૂદેવોએ વેદોક્ત મંત્રોચ્ચાર સાથે **પૂજનવિધિ** કર્યો. ત્યારપછી હરિભક્તોએ હાર-તોરાથી સન્માન કર્યું. ત્યારબાદ ગાદીવાળા મેડે શ્રી અજેન્દ્રપ્રસાદજી મહારાજશ્રી તથા લાલજી શ્રી નૃગેન્દ્રપ્રસાદજી મહારાજશ્રીએ ઠાકોરજીનું પૂજન કર્યું. ત્યારપછી પ.પૂ. ધ.ધુ. ૧૦૦૮ શ્રી આચાર્ય શ્રી નરેન્દ્રપ્રસાદજી મહારાજશ્રી દ્વારા પ.પૂ. સમીપવર્તી ભાવિઆચાર્ય શ્રી અજેન્દ્રપ્રસાદજી મહારાજશ્રીને પ્રસાદીના ગાદીસ્થાન ઉપર વેદોક્તવિધિથી બેસાડવામાં આવ્યા અને આચાર્ય તરીકેની પાઘ, દુપટ્ટો(ખેસ), છડી, છત્ર, ચામર, રાજચિહ્ન વગેરે ધારણ કરાવ્યા. દક્ષિણ વિભાગ વડતાલ દેશના નવઅભિષિક્ત આઠમા આચાર્યશ્રીની પ.પૂ. ધ.ધુ. ૧૦૦૮ શ્રી આચાર્ય શ્રી નરેન્દ્રપ્રસાદજી મહારાજશ્રીએ આરતી ઉતારી ત્યારે સમગ્ર વાતાવરણમાં **જયજયકાર**નો **ધ્વનિ** જોરશોરથી **ગુંજરાવ** થવા લાગ્યો.

પ.પૂ. આચાર્યજી મહારાજશ્રીના ગાદિઅભિષેકવિધિ પૂર્ણ થયા બાદ વડતાલ સભામંડપમાં સત્સંગ સભામાં નિવૃત્ત થનાર પ.પૂ. ધ.ધુ. ૧૦૦૮ શ્રી આચાર્ય શ્રી નરેન્દ્રપ્રસાદજી મહારાજશ્રીએ ભવિષ્યમાં આચાર્યશ્રીની નિમણુંક પરત્વે કોઈપણ કારણથી તકરાર ઊભી ન થાય તે માટે આશીર્વાદ આપતાં કહ્યું હતું : "...આ લક્ષ્મીનારાયણ દેવની જે ગાદી છે એની મહત્તા એટલા માટે છે : સારાય સંપ્રદાયમાં - સારાય સંપ્રદાયમાં શ્રીજીમહારાજે પોતાનું સ્વરૂપ હરિકૃષ્ણ મહારાજનું વડતાલમાં પધરાવ્યું છે. અને એમનું જે ગાદીસ્થાન, સ્વામિનારાયણ સંપ્રદાયનું **ગાદીસ્થાન** એક તીર્થરાજ **વડતાલ**માં છે. અને એ સ્થાન ઉપર એમના મૂર્તિના સાંનિધ્યમાં આજે અજેન્દ્રપ્રસાદજી મહારાજ બિરાજે છે. ભવિષ્યમાં - ભવિષ્યમાં કોઈ **અનુગામી આચાર્ય**ની તકરાર ન થાય એટલા માટે **'ભાવિઆચાર્ય' લાલજી**ને મેં પડખે બેસાર્યા છે..."

"(આચાર્ય પરંપરામાં શ્રી રઘુવીરજી મહારાજથી આરંભીને આજ સુધીમાં...)...આનંદપ્રસાદજી, નરેન્દ્રપ્રસાદજી આ સ્થાનમાં આવ્યા છે. એની પાછળનો આ વેલો અજેન્દ્રપ્રસાદજી ને પાછળ નૃગેન્દ્રપ્રસાદજી... હવે તમારી સર્વની ફરજ છે કે હું કદાચ જીવતો રહું કે ન રહું પણ જ્યારે **'ભાવિઆચાર્ય'** તે **નૃગેન્દ્રપ્રસાદ**ને બેસારવાનો વારો આવે ત્યારે તમે **આજ રીતે કન્ધે-કન્ધો** મેળાવીને બેસારજો...લક્ષ્મીનારાયણ દેવની જય..."



આઠમા આચાર્ય તરીકે નિયુક્ત થયેલા પ.પૂ. ધ.ધુ. ૧૦૦૮ શ્રી આચાર્ય શ્રી અજેન્દ્રપ્રસાદજી મહારાજશ્રીએ સ્વજન સમાન સત્સંગ સમુદાયને સૌપ્રથમઆશીર્વાદ આપ્યા હતા : "...આજના પ્રસંગે મારી જાતને સૌથી વધારે ધન્યતા અનુભવી અને હર્ષ સાથે જે આનંદ થયો છે, જે હૃદયમાં ઉલ્લાસ છે એ એટલા માટે, પરમકૃપાળુ પરમાત્મા ભગવાન શ્રી સ્વામિનારાયણે ગઢડાની અંદર પોતાના બે પુત્રો જે ધર્મકુળની અંદર હતા રામચરણજી મહારાજ અને હરિભાઈ, એમને જનોઈ આપેલી અને વરદાન માંગવાની વાત કહેલી, રામચરણજી મહારાજની આઠ વર્ષની ઉંમરે એમને વરદાન મળ્યું કે મારા કુળની અંદર કોઈ કુપાત્ર અને અધર્મી ન થાય. એમના વંશની અંદર મારા એવા કોઈ પુણ્યના પ્રતાપ હશે, કર્મના પ્રતાપથી જન્મ થયો અને તેને દિપાવવા, એમની લાજ રાખવા, ભગવાન શ્રી સ્વામિનારાયણે બાંધેલી મર્યાદાને સાચવવાને માટે થઈને આજના દિવસે સમગ્ર સત્સંગીઓ સત્સંગ સમાજે મારા કંધે ભાર મૂકી અને જે તક આપી છે એ તો મારું મહદભાગ્ય છે..."






## સંપ્રદાયના નેતૃત્વના શ્રી ગણેશ

પ.પૂ. આચાર્યજી મહારાજશ્રી એમના આચાર્યપદ ગ્રહણથી આજે ૨૫ વર્ષની તેમની મહાસમર્થ કામગીરીના **લેખાંજોખાં** તો **જીવંત ઈતિહાસ** બની ગયા છે. જે જગજાહેર અને હરિભક્તો માટે તો પ્રેરણા પ્રસાદીરૂપે અંકિત છે અને સત્સંગનો બહોળો વિકાસ થયો તે અવર્ણનીય છે. પ.પૂ. આચાર્યજી મહારાજશ્રીના સમર્થ કાર્યકાળ દરમ્યાન ગઢપુરમાં લક્ષ્મીવાડીના દેવોનો **શતાબ્દી-સ્મૃતિ મહોત્સવ**, સુરતમાં **શ્રી નારાયણમુનિ દેવ સાર્ધ શતાબ્દી મહોત્સવ**, વડતાલમાં શ્રી લક્ષ્મીનારાયણ દેવની પ્રતિષ્ઠાનો **શતામૃત મહોત્સવ** - ૧૯૯૯, **સુવર્ણ જયંતિ મહોત્સવ** (સુરત-ગઢપુર), સરધારમાં **ગુરુમંત્ર પ્રાપ્તિ મહોત્સવ** - ૧૯૯૬ - **ઉદ્‌ઘાટન મહોત્સવ** - ૧૯૯૯ - ભગવાન શ્રીહરિનો **દ્વિશતાબ્દી આગમન મહા મહોત્સવ**-૨૦૦૨, બગસરામાં **શ્રી વચનામૃત શતામૃત મહોત્સવ** - ૨૦૦૪ અને ગઢપુરમાં **શ્રી ગઢપુર મહોત્સવ** -૨૦૦૬ વગેરે મહા મહોત્સવો ઉજવ્યા છે. અને તે પ્રસંગે વિવિધ ધર્મના સર્વોચ્ચ ધર્માચાર્યો પણ ઉપસ્થિત રહ્યા છે. વલ્લભાચાર્ય તૃતીય પીઠાધિશ્વર પ.પૂ. ગોસ્વામી ૧૦૮ વૃજેશકુમાર (કાંકરોલી)ના સ્વહસ્તે પ.પૂ. આચાર્યજી મહારાજશ્રીને અર્પણ થયેલ પ્રશસ્તિપત્રનો પ્રસંગ પણ ખૂબ ધન્યતાપૂર્ણ લેખાયો હતો. પ.પૂ. આચાર્યજી મહારાજશ્રીએ પોતાની કર્તવ્યનિષ્ઠા અને સંપ્રદાયની ગરિમાને નિરંતર ઉજ્જવળ બનાવી છે. વળી સંપ્રદાયના આદર્શો તેમજ સિદ્ધાંતોને વળગી રહે તેવા મુમુક્ષુઓ અને અનુયાયીઓને જ દિક્ષા આપવા તેમજ ગુરુમંત્ર આપવાનો આગ્રહ રાખ્યો છે. અને કપરા સમયમાં પણ પોતાના સિદ્ધાંતને વળગી રહી સંપ્રદાયના મહિમાને નુકશાન કરનાર તત્ત્વોનો રોષ વહોરીને પણ તેઓશ્રીએ સંપ્રદાયના અધિષ્ઠાતા સંરક્ષક તરીકેના ગૌરવને વધાર્યું છે. તેમલખવામાં કશું જ અજુગતું નથી.

## નૂતન મંદિર નિર્માણ, જીર્ણ થયેલા મંદિરોનો જીર્ણોદ્ધાર અને મૂર્તિ પ્રતિષ્ઠા

ભગવાન શ્રી સ્વામિનારાયણ વચ.ગ.મ.પ્ર.૨૭માં કહે છે : "અમે વિચારીને જોયું જે, જે અતિશય ત્યાગ રાખે અથવા દયા રાખે તેથી ભગવાનની ભક્તિ થાય નહિ ત્યારે ઉપાસનાનો ભંગ થાય છે અને પૂર્વે જે જે અતિશય ત્યાગી થયા છે તેના માર્ગમાં ઉપાસનાનો નાશ થઈ ગયો છે. માટે **અમે એમ વિચારીને પરમેશ્વરની ઉપાસના રહેવા સારૂ ત્યાગનો પક્ષ મોળો કરીને ભગવાનનાં મંદિર કરાવ્યાં છે** તેમાં જો થોડો ત્યાગ રહેશે તોપણ ઉપાસના રહેશે તો તેણે કરીને ઘણાક જીવનાં કલ્યાણ થશે. અને જેને ભગવાનની ભક્તિ કરવી તેને તો ઢૂંઢિયાની પેઠે દયા રાખ્યે પણ કેમઠીક પડે ? એને તો પરમેશ્વરને વાસ્તે પુષ્પ લાવ્યાં જોઈએ, તુલસી લાવ્યા જોઈએ, ભાજી-તરકારી લાવી જોઈએ, ઠાકોરજીને વાસ્તે બાગ-બગીચા કરાવ્યા જોઈએ, **મંદિર કરાવ્યાં જોઈએ.** માટે જે અતિશય ત્યાગ રાખીને ને અતિશય દયા રાખીને મૂઠી વાળીને બેસી રહે તેણે ભગવાનની ભક્તિ થતી નથી અને જ્યારે ભક્તિએ રહિત થાય ત્યારે ભગવાનની ઉપાસનાનો નાશ થઈ જાય એટલે પછવાડેથી અંધપરંપરા ચાલે. **તે સારૂ અમે મંદિર કરાવ્યાં છે તે અખંડ ભગવાનની ઉપાસના રાખ્યા સારૂ કરાવ્યાં છે."** ભગવાન શ્રીહરિ શિક્ષાપત્રીના ૬૨માં શ્લોકમાં લખે છે કે :- 'आचार्येणैव दत्तं यद्यच्च तेन प्रतिष्ठितम् । कृष्णस्वरूपं तत्सेव्यं वन्द्यमेवेतरत्तु यत् ।।' ધર્મવંશી આચાર્યે ભગવાનનું જે **સ્વરૂપ** પૂજા કરવા આપ્યું હોય અથવા જે મૂર્તિની પ્રતિષ્ઠા કરી હોય તે જ સ્વરૂપ **સેવવા યોગ્ય** છે. એ સિવાયના બીજા સ્વરૂપ (અર્થાત્ જે સ્વરૂપ ધર્મવંશી આચાર્યે સેવવા ન આપ્યું હોય અથવા જે સ્વરૂપની પ્રતિષ્ઠા ધર્મવંશી આચાર્યે ન કરી હોય તે સ્વરૂપ) સેવવા યોગ્ય નથી પણ માત્ર વંદના કરવા યોગ્ય છે. (શિક્ષાપત્રી : શ્લોક - ૬૨)

ઉપરોક્ત શ્લોક પ્રમાણે પ.પૂ. ધ.ધુ. આચાર્યજી મહારાજશ્રીએ **નવનિર્મિત** ૩૬૭થી વધારે હરિમંદિરો તથા ૪૦૦થી વધારે હરિમંદિરોનો **જીર્ણોદ્ધાર** બાદ પ્રાણપ્રતિષ્ઠા કરી. તેમજ વાસદ, કુબેરનગર(સુરત), કલાકુંજ(સુરત), ઘનશ્યામનગર(સુરત), ઉમરેઠ, ઉત્તરસંડા, ધંધુકા, સાવદા, ખોપાળા, બોટાદ, દેવળીયા, દ્વારકા, લોજ વગેરે શહેરોમાં શિખરબધ્ધ મંદિરોમાં ભગવાન શ્રીહરિની પંચધાતુ, કાષ્ટ કે આરસપાણની પ્રતિમાઓની **પ્રાણ પ્રતિષ્ઠા** કરી છે.

(નિર્માણાધીન સવિશેષ કાર્ય તો તેઓશ્રીની આજ્ઞાથી છેલ્લા ૧૩ વર્ષમાં સરધારધામના વિકાસ કાર્યો માટે પ.પૂ. ૧૦૮ શ્રી લાલજી મહારાજશ્રી નૃગેન્દ્રપ્રસાદજી મહારાજશ્રીના માર્ગદર્શન પ્રમાણે અનેકાવિધ કાર્યો થઈ રહ્યા છે. તે પૈકી એક અજોડ આદર્શરૂપ **'ભવિષ્યમાં અહીંયા બહુ જ મોટું મંદિર થશે.'** એમ શ્રીજીમહારાજે આશીર્વાદ આપેલ એવી તીર્થભૂમિ સરધારધામમાં રાજકોટથી ભાવનગર હાઈવે પર સહકારી ગોડાઉનની નજીકમાં ત્રણ એકર જમીનમાં ભવ્ય શિખરબધ્ધ મંદિરનું કામકાજ ચાલું છે. આ મંદિર પાંચ શિખર સહિત બંસીપહાડ પથ્થરમાં (રાજસ્થાની ગુલાબી પથ્થર) ૯૯૮૧૫૫ ફુટના ઘેરાવાવાળું અને ૮૧ ફુટ ઉંચાઈવાળું તૈયાર થતા શિલ્પ સ્થાપત્યમાં **સૌરાષ્ટ્રનાં સર્વશ્રેષ્ઠ નજરાણારૂપ** બનશે. આ મંદિરમાં ૧૬ ઘુમ્મટ અને ૮૮ સ્તંભ તેમજ ૧૦૧ કમાન છે. દરેક ઘુમ્મટ અને છત કોસલા નકશી કામયુક્ત તેમજ સ્તંભ પણ નકશી સભર બનેલ છે. આશરે ૮૦,૦૦૦ ફુટ બાંધકામ થશે. બાંધકામમાં આશરે ૧૦ લાખ ઈંટો વપરાશે. અંદાજીત ખર્ચ ૧૦ કરોડની આસપાસ થશે એવું મંદિર પૂર્ણપ્રાય તૈયાર થઈ રહેલ છે. તેમજ બીજા પણ આ જેવા કેટલાક નાના-મોટા મંદિરો પ.પૂ. આચાર્યજી મહારાજશ્રીની આજ્ઞાથી તૈયાર થયેલ છે.)

## સંતદીક્ષા અને ગુરુમંત્ર પ્રદાન

**મદાશ્રિતાનાં સર્વેષાં ધર્મરક્ષણહેતવે । ગુરુત્વે સ્થાપિતાભ્યાં ચ તાભ્યાં દીક્ષ્યા મુમુક્ષવઃ ॥૧૨૮॥**

અને અમારે આશ્રિત જે સર્વે સત્સંગી, તેમના ધર્મની રક્ષા કરવાને અર્થે એ સર્વેના ગુરુપણાને વિષે અમે સ્થાપન કર્યા એવા જે તે અયોધ્યાપ્રસાદ અને રઘુવીર, તેમણે મુમુક્ષુજનને દીક્ષા આપવી. (શિક્ષાપત્રી : શ્લોક - ૧૨૮)

શ્રીજીમહારાજના ઉપરોક્ત આજ્ઞા પ્રમાણે પ.પૂ. ધ.ધુ. આચાર્ય મહારાજશ્રીએ સત્સંગ-સંપ્રદાયને સમર્પિત એવા ૪૨૫ મુમુક્ષુઓને દિક્ષા આપી સંત સમુદાયને વિકસાવ્યો છે. અને તેઓને ધર્માચરણમાં જ રત રહેવા બાધ્ય કર્યા છે. ઉપરાંત ૨ લાખથી વધારે મુમુક્ષુઓને ગુરુમંત્ર આપી કલ્યાણનો માર્ગ મોકળો કરી ભગવાન શ્રીહરિના શાશ્વત સુખના ભોક્તા કર્યા છે.

## સત્સંગ વિચરણ

ભગવાન શ્રી સ્વામિનારાયણનો દિવ્ય સંદેશો મુમુક્ષુ જીવાત્માઓ સુધી પહોંચાડવા માટે સંપ્રદાયના ધર્મ પ્રચલનના માર્ગે પ.પૂ. આચાર્યજી મહારાજશ્રીએ ક્યારેય પણ પ્રમાદ સેવ્યો નથી. અને સખત પરિશ્રમ-પૂર્વક પ્રવાસ ખેડીને કુલ ૭૧૨૮ ગામોમાં સંપ્રદાય અને સત્સંગને વિસ્તાર્યો છે. તો ૩૯૮૦ જેટલી **ધર્મસભા** સંબોધી પોતાના દિવ્ય જ્ઞાન પ્રભાવ દ્વારા સત્સંગી સમાજ યા બિન સત્સંગીસમાજને **પ્રેરણારૂપ સંદેશ** આપી તેમના જીવનને ઉન્નત બનાવવાનો માર્ગ પ્રબોધવામાં પાછી પાની કરી નથી.

પ.પૂ. આચાર્યજી મહારાજશ્રીનો આધ્યાત્મિક સંદેશો શિરોધાર્ય ગણીને તતાશ્રિત બ્રહ્મનિષ્ઠ સંતો ગુજરાત-ભારતનાં નાના-મોટાં શહેરો, ગામડાંની તેમજ વિદેશની ધર્મયાત્રા ખેડી સત્સંગ છાવણી, બાળ-યુવા મહોત્સવ, કથા-પારાયણો, ઉત્સવ-સમૈયાઓ દ્વારા સત્સંગનું વાતાવરણ સર્જતા રહે છે. પ.પૂ. આચાર્યજી મહારાજશ્રીના નિશ્રામાં આજે સંપ્રદાયના હજારો અનુયાયીઓ કલિકાળના વિપરીત વાતાવરણ વચ્ચેય શિક્ષાપત્રી ચીંધ્યા રાહે પોતાનો જીવનપંથ ઉજાળી પરભવનું ભાથું બાંધી રહ્યા છે.

## વિદેશ ધર્મપ્રવાસ યાત્રા

અમેરિકા, યુરોપ, કેનેડા અને આફ્રિકા જેવા દેશોની ભૂમિપર અનેક વખત પ્રવાસ કરી તેમજ સંતોને આજ્ઞા કરી સત્સંગ સમાજની વિવિધ સમસ્યાઓ સમજી ધર્મના ઉત્થાનમાં તેઓએ કરેલા **વિશિષ્ટ પ્રયાસો**નું ભારે **મૂલ્યાંકન** છે.

## ધર્મચાર્યો સાથે નિકટતાના સંબંધો

ધર્મસંમેલનોમાં, સનાતન હિન્દુ ધર્મના પ્રવર્તક તરીકે દ્વારકા શારદાપીઠ જગદ્ગુરુ શંકરાચાર્ય શ્રી અભિનવ સચ્ચિદાનંદજી, જગદ્ગુરુ શ્રી રામાનુજાચાર્ય, જગદ્ગુરુ શ્રી વૈષ્ણવાચાર્ય શ્રી વ્રજરાયજી મહારાજશ્રી (અમદાવાદ) જેવા અનેક ધર્માચાર્ય-મહામંડલેશ્વરો સાથે પણ નિકટતાના **આત્મીય સંબંધો** કેળવી સંપ્રદાયની સેવામાં તેઓને જોતરવાની મહત્ત્વપૂર્ણ કામગીરી કરી હતી. અને સંપ્રદાય માટે તેઓના હૃદયમાં ઉંચો **આદરભાવ** પ્રગટાવ્યો છે. જે **સંપ્રદાય પ્રત્યે અહોભાવ** વ્યક્ત કરે છે.

## સામાજીક સર્વજીવહિતાવહ સેવાયજ્ઞો

ભગવાન શ્રી સ્વામિનારાયણે શિક્ષાપત્રી(શ્લો. ૮૩/૧૩૯)માં કહ્યું છે : 'सर्वैरपि यथाशक्ति भाव्यं दीनेषु वत्सलैः । रोगार्तस्य मनुष्यस्य यथाशक्ति च मामकैः ।।' 'અમારા સર્વે સત્સંગીઓએ દીનજનો પ્રત્યે **દયાવાન** થવું.' અને 'રોગાતુર એવા જે કોઈ મનુષ્ય તેમની જે **સેવા** તે **જીવનપર્યંત** પોતાના સામર્થ્ય પ્રમાણે કરવી.' એ **'સર્વજીવ હિતાવહ'** સંદેશ અનુસાર સામાજીક ઉન્નતિમાં પણ યોગદાનથી રાષ્ટ્રની રચનાત્મક પ્રવૃત્તિને વેગવાન બનાવવામાં પણ પ.પૂ. આચાર્યજી મહારાજશ્રીની મહત્ત્વપૂર્ણ ભૂમિકા રહી છે. **નર્મદા યોજના**માં વિપુલ ધન રાશીનું સમર્પણ, લાતુરના **ધરતીકંપ**માં ૨૯ દિવસો સુધી સ્વયં હાજર રહી અસરગ્રસ્તોની સર્વપ્રકારે સેવા કરનાર પ.પૂ. આચાર્યજી મહારાજશ્રીએ ખેડા જીલ્લા અને સુરતના **ભયંકર પુર હોનારત** વખતે પણ તમામ સહાયતાનો ધોધ વર્ષાવ્યો હતો. તેમજ ભૂજમાં સર્જાયેલા વિનાશકારી ધરતીકંપમાં પણ તેઓશ્રીની આજ્ઞાથી રાહત સંબંધી અનેક કાર્યો થયા હતા. પ.પૂ. આચાર્યજી મહારાજશ્રીએ **૧૪૮ વખત રક્તદાન** કરી માનવતા ધર્મને ઉજાળી કંઈકના જીવનને બચાવી લેવામાં પણ સુંદર **યોગદાન** આપ્યું છે. આમ, **સમાજસેવા**નો એક **આદર્શ** પૂરો પાડ્યો.

પ.પૂ. આચાર્યજી મહારાજશ્રીના આશીર્વાદથી કંઈક ભાગ્યહીનોના ભાગ્ય પલટાઈ ગયાના સેંકડો ઉદાહરણનું સત્સંગ સમાજમાં સારૂ મૂલ્યાંકન છે. કોઈ પણ દુઃખી, કોઈ પણ સમસ્યા તેમની પાસે લઈને જાય તેનું તરત નિરાકરણ લાવી જે તે વ્યક્તિને સચોટ માર્ગદર્શન આપી પ.પૂ. આચાર્યજી મહારાજશ્રી જ તેને જે કોઈ પ્રકારે **આશ્વાસન** આપે છે, તેનાથી ઘણી વખત તો આપોઆપ જ જે તે વ્યક્તિના દુઃખદર્દ દૂર થયાનું અનુભવાયું છે.


## પ.પૂ. ધ.ધુ. આચાર્યજી મહારાજશ્રીની આજ્ઞાથી સત્સંગ સાહિત્ય પ્રકાશન

ભગવાન શ્રી સ્વામિનારાયણ જ્યારે અંતર્ધાન થવા માટે તૈયાર થયા ત્યારે તેઓએ મનમાં ત્રણ ગૂઢ સંકલ્પો કર્યા કે, (૧) મંદિરોની રચના કરી તેમાં મૂર્તિઓ પધરાવું, (૨) મારે સ્થાને શુદ્ધ ગુરૂપંરાપરાની સ્થાપના કરવા **ધર્મકુળમાંથી આચાર્ય** તરીકે નિમણુંક કરું અને (૩) શાસ્ત્રોની રચના કરું તથા સંતો પાસે રચના કરાવું. આ રીતે સંકલ્પો કરી અને તેને સંપૂર્ણ ચરિતાર્થ કરી ભગવાન શ્રી સ્વામિનારાયણ અંતર્ધાન થયા. સંસ્કૃત ભાષા અને તેમાં રચાયેલા અમર સાહિત્યની રક્ષા અને ભારતીય સંસ્કૃતિના ઉદાત્ત મૂલ્યોના પ્રચાર-પ્રસાર અને તે દ્વારા સમાજમાં **ચારિત્ર્ય ઘડતર**ની **સુવાસ**ને શ્રી સ્વામિનારાયણ સંપ્રદાયના પ.પૂ. આચાર્યજી મહારાજશ્રીઓ દ્વારા **પ્રોત્સાહન** પ્રાપ્ત થતું રહ્યું છે. વર્તમાન સમયે તે જ પરંપરાને જીવંત રાખવા માટે પ.પૂ. ધ.ધુ. આચાર્ય શ્રી અજેન્દ્રપ્રસાદજી મહારાજશ્રીની આજ્ઞાથી સંપ્રદાયના બંધારણીય ગ્રંથ એવા **શ્રીમદ્ સત્સંગિજીવન, શિક્ષાપત્રી** તેમજ ભગવાન શ્રીહરિની પરાવાણી **વચનામૃત,** નંદસંતો રચિત **ભક્તચિંતામણી, નિષ્કુળાનંદ કાવ્ય** વગેરે સંપ્રદાયના માન્ય ગ્રંથોનું વારંવાર પ્રકાશન થતું રહે છે.

સંપ્રદાયના સાચા સિદ્ધાંતો, રીત અને પ્રણાલિકાને સંપૂર્ણ ખ્યાલમાં રાખી, ષડ્અંગી સંપ્રદાયના તમામઅંગોને પ્રાધાન્યપણું આપી શ્રીજીમહારાજની સર્વોપરી આજ્ઞા-ઉપાસનાને સારધાર રીતે હજારો ભક્તોના હૃદય સુધી પહોંચે, જીવાત્માનું **આખરી અને છેલ્લું લક્ષ** પરમાત્માની પ્રાપ્તિ તેજ છે, તેનું સતત **અનુસંધાન** રહે અને કોઈ રીતે જીવાત્મા પોતાનો સાચો મારગ ભૂલી ન જાય તેની સતત યાદ અપાવે તેવા હેતુથી પ.પૂ. ધ.ધુ. ૧૦૦૮ આચાર્ય શ્રી અજેન્દ્રપ્રસાદજી મહારાજશ્રીના **રૂડા આશીર્વાદ સહ આજ્ઞાથી સંસ્થાપિત** અને પ.પૂ. ૧૦૮ શ્રી લાલજી મહારાજશ્રી નૃગેન્દ્રપ્રસાદજી મહારાજશ્રીના શુભ માર્ગદર્શન પ્રમાણે **શ્રી સ્વામિનારાયણ મંદિર - સરધાર દ્વારા** દર મહિને **'શ્રી સ્વામિનારાયણ ચિંતન'** પ્રકાશિત કરવામાં આવે છે. જેના એક એકથી ચઢિયાતા વિશેષાંકો પ.પૂ. આચાર્યજી મહારાજશ્રીની સાહિત્ય વિષયક ઊંડી સૂઝ-બૂઝના પરિચાયક બની રહે છે.

આવા મહાપ્રતાપી અને નમ્રતા, નિરાડંબરતા, વિનય-વિવેક, નિસ્પૃહીપણું, જ્ઞાનપિપાસા અને ધર્મનિષ્ઠતાથી સભર ધર્મધુરંધર, સનાતન ધર્મમાર્તંડ, સદ્ધર્મ પ્રવર્તક, સદ્ધર્મનિષ્ઠ, ધર્મ પ્રપોષક, આચાર્ય ચુડામણી, આચાર્યપ્રવર, સત્સંગ શિરોમણી, સત્સંગ ભૂષણ, ધર્માબ્જ ભાસ્કર, શ્રીહરિના અપરસ્વરૂપ સમા **પ.પૂ. ધ.ધુ. ૧૦૦૮ શ્રી આચાર્ય શ્રી અજેન્દ્રપ્રસાદજી મહારાજશ્રી** ધર્મના ઉત્થાનમાં **સદાકાળ પ્રવૃત્ત** રહે તેવી ઈષ્ટદેવ ભગવાન શ્રી સ્વામિનારાયણના ચરણકમળમાં પ્રાર્થના સહ, તેઓશ્રીના શ્રીચરણમાં તેમની **ગાદીપટ્ટાભિષેક - રજત જયંતિ વર્ષ પુર્ણાહુતિ** પ્રસંગે અનેક સંતો-હરિભક્તોના **કોટિ કોટિ વંદન......**







પ.પૂ. પિતાશ્રી નરેન્દ્રપ્રસાદજી મહારાજશ્રી સાથે લાલજી સ્વરૂપે પ.પૂ. મહારાજશ્રી

હરિમંદિરો અને શિખરબધ્ધ મંદિરોમાં
ભગવાન શ્રીહરિની પંચધાતુ, કાષ્ટ, આરસપાણ કે ચિત્રપ્રતિમાઓના

# મૂર્તિપ્રતિષ્ઠા મહોત્સવ


ઉમરેઠ


કુબેરનગર


ખોપાળા


કલાકુંજ


ડોંબીવલી


ધંધુકા


























શ્રી સ્વામિનારાયણ સંપ્રદાયના મુખ્ય ગાદીસ્થાન ખાતે શ્રદ્ધા અને ભાવપૂર્વક હરિભક્તો દ્વારા ઉજવવામાં આવતો
પ.પૂ. ધ.ધુ. ૧૦૦૮ શ્રી આચાર્ય શ્રી અજેન્દ્રપ્રસાદજી મહારાજશ્રીના ચરણારવિંદમાં સમર્પિત

# श्री गुरुपूर्णिमा महोत्सव

- वडताल



પ.પૂ. સનાતન ધ.ધુ. શ્રી ૧૦૦૮
શ્રી આચાર્ય શ્રી અજેન્દ્રપ્રસાદજી મહારાજશ્રી

# ધર્માચાર્ય - મહામંડલેશ્વરો સાથે પણ નિકટતાના આત્મીય સંબંધો


































# રાજકીય પ્રધાનાધીશો સાથે ધર્માધીશ પ.પૂ. મહારાજશ્રી

પ.પૂ. ધ.ધુ. ૧૦૦૮ શ્રી આચાર્ય શ્રી અજેન્દ્રપ્રસાદજી મહારાજશ્રીના દિવ્ય સાંનિધ્ય તેમજ રૂડા આશીર્વાદ સહ આજ્ઞાથી યોજાયેલ

# સંપ્રદાયના મહા મહોત્સવો



ભગવાન શ્રી સ્વામિનારાયણનું મહાન પ્રસાદિભૂત તીર્થધામ સરધારને આંગણે યોજાયેલ **'ગુરુમંત્ર પ્રાપ્તિ મહોત્સવ - ૧૯૯૮'**




સરધારધામને આંગણે યોજાયેલ ભગવાન શ્રીહરિનો પ્રથમ **'દ્વિશતાબ્દી આગમન મહોત્સવ - ૨૦૦૨'**



બગસરાને આંગણે યોજાયેલ ભવ્ય **'શ્રી વચનામૃત શતામૃત મહા મહોત્સવ - ૨૦૦૪'**




સરધારધામને આંગણે દર વર્ષે ઉજવાતો ભવ્ય **'શ્રી સ્વામિનારાયણ બાળ-યુવા મહોત્સવ'**



ગઢપુરધામને આંગણે યોજાયલે ભવ્ય **'શ્રી ગઢપુર મહોત્સવ - ૨૦૦૬'**

# રજતજયંતી વર્ષને કોટિ કોટિ વંદના....





























SATSANG
ORGANIZATION






અમેરિકા, યુરોપ, કેનેડા અને આફ્રિકા જેવા દેશોની ભૂમિપર
વિદેશ ધર્મપ્રવાસ યાત્રા

## રજતજયંતી વર્ષને કોટિ કોટિ વંદના....



# જય હો ધર્મસુત સુતની અમે માંગીએ પ્રભુ પાસ,
# અંતે આપનો રાજીપો વર્ષે કૃપા ને આશીર્વાદ.

**પ** પરમ ધરમકુળના દિપક થઈ તમે, પ્રકાશ આપો છો અમોને શ્રીહરિના સિદ્ધાંત તણો.
**પૂ** પૂજનીય પદને પ્રાપ્ત કરી શ્રીહરિની ઝાંખી કરાવી, રાત્રિ-દિવસ જોયા વગર સુખ આપો છો સત્સંગીને.
**ધ** ધર્મની ધુરાનું વહન કરી સત્સંગને જાગૃત કરી, સત્ય માર્ગ બતાવો છો મોક્ષનો.
**ધુ** ધુરંધર છો દયાવાન છો અને સત્ય સ્વરૂપ છો, કેટલાક ગુણો લખીએ આપતો શ્રીહરિનું અપર સ્વરૂપ છો.
**શ્રી** શ્રી હરિકૃષ્ણ હસ્તે પ્રતિષ્ઠા પામ્યા આપ તેના સુત છો, સંદેશને સંચરાવતા શ્રી અજેન્દ્રજી હરિદત્ત છો.
**અ** અહો ! પ્રભુ શું કૃપા કરી સ્થાપ્યું છે આ પદને, અનેક જીવ ઉદ્ધારીયા ઉદ્ધારશો અનેકને.
**જે** જેમ કહ્યું મહાપ્રભુએ તેમ કરો છો વળી આપ, તેમાં ફેર ન પડે જરી તેમ કહો છો સદા સાફ.
**ન** ન્યાલકરણાર્થે નથી ગણતા કદી સુખને કે આપ દુઃખને, અણમોલ જીવન અર્પણ કર્યું એ સારાયે સત્સંગને.
**દ્ર** દ્રષ્ટિ આપની પડતા પુણ્ય અમારા ઉદય થયા, કૃપા આપની થતાં અમો ભાગવત સંત થયા.
**પ્ર** પ્રભુતાને પામી આપે અવિચળ પદને જાળવ્યું, આ સમયમાં એ વાત અસંભવને સંભવ કરી.
**સા** સાથ આપ્યો કળિયુગમાં અમજેવા પામર જીવને, કેમ ભૂલાય જિંદગીભર આપના એ અહેશાનને.
**દ** દઈને અભયદાનને આપે કર્યા છે નિર્ભય, હવે ભય કોનો રાખીએ અમે રહિએ તમારા થઈ.
**જી** જીવન આપનું જોતા અચરજ અમોને થાય છે, કારણ એનું એજ હરિપ્રતિ આપની વફાદારી છે.
**મ** મહાપ્રભુના વંશજોમાં આપશ્રી છો આઠમા, ધર્મ-ભક્તિએ સહિત છે પ્રભુ તમારી સાથમાં.
**હા** હાજી હાજી કરતા હાજર રહે હજારો સ્વેચ્છાય, યથાર્થ આપની મોટાઈ કવિ કેમ કહી જાય.
**રા** રાજ છો મહારાજ છો આપ રાજાધિરાજ છો, સત્ય વાત કહું છું આપ અમારા આધાર છો.
**જ** જય હો ધર્મસુત સુતની અમે માંગીએ પ્રભુ પાસ, અંતે આપનો રાજીપો વર્ષે કૃપા ને આશીર્વાદ.



# વ્હીલીંગ-શિકાગો (અમેરિકા) મંદિરના ભૂમિપૂજન મહોત્સવ (તા. ૨૦-૧૦-૧૯૮૮) પ્રસંગે પ.પૂ. ધ.ધુ. ૧૦૦૮ શ્રી આચાર્ય શ્રી અજેન્દ્રપ્રસાદજી મહારાજશ્રીને શહેરના 'માનનીય નાગરીક' જાહેર કરીને વ્હીલીંગ શહેરના પ્રેસીડન્ટે કરેલું બહુમાન.

## પ.પૂ. ધ.ધુ. આચાર્ય શ્રી અજેન્દ્રપ્રસાદજી મહારાજશ્રીની માનનીય નાગરીકતા

સહર્ષ જણાવવાનું કે, 'શ્રી સ્વામિનારાયણ સત્સંગ સંસ્થા'એ વ્હીલીંગ ગામને મંદિર માટે પસંદ કર્યું છે અને જણાવવાનું કે, પ.પૂ. ધ.ધુ. આચાર્ય શ્રી અજેન્દ્રપ્રસાદજી મહારાજશ્રી વ્હીસ્લીંગ ગામમાં આ મંદિરનું ભૂમિપૂજન કરવા માટે તા. ૨૦–૧૦–૧૯૮૮, ગુરુવારના રોજ આવશે. માટે હાલ આ ખ્યાલમાં રાખીને હું શીલા એચ. સુલ્ટઝ વ્હીલીંગ ગામના પ્રેસીડન્ટ તરીકે એમજાહેર જનતાને જણાવું છું કે, પ.પૂ. ધ.ધુ. આચાર્ય શ્રી અજેન્દ્રપ્રસાદજી મહારાજશ્રીની આ પ્રસંગની વ્હીલીંગ ગામમાં મુલાકાત વખતે તેમને વ્હીલીંગ ગામના 'માનનીય નાગરીક' તરીકે જાહેર કરું છુ.

## Village Of Wheeling

## Proclamation

HIS HOLINESS ACHARYA SHRI AJENDRAPRASADJI MAHARAJ
HONORARY CITIZEN

WHEREAS, the Swaminaryan Satsang Organization has chosen the Village of Wheeling, Illinois, for the site of a new temple; and

WHEREAS, His Holiness Acharya Shri Ajendraprasadji Maharaj will be present in the Village of Wheeling, on Thursday, October 20, 1988, to dedicate the site of the new temple.

NOW, THEREFORE, BE IT RESOLVED that I, Sheila H. Schultz, President of the Village of Wheeling, do hereby proclaim His Holiness Acharya Shri Ajendraprasadji Maharaj to be an honorary citizen on the occasion of his visit to our Village.

DATED at the Village of Wheeling this 17th day of OCTOBER 1988.

SEAL

Sheila H. Schultz
SHEILA H. SCHULTZ
VILLAGE PRESIDENT

ATTEST:

Janet M. D'Argo
JANET M. D'ARGO
VILLAGE CLERK



# પ. પૂ. ધ.ધુ. આચાર્ય મહારાજશ્રીના સત્સંગ પરિભ્રમણના વિશિષ્ટ કાર્યક્રમો

આ સામયિકના પૃષ્ઠો પર કંડારાએલી **જીવનકથા** નથી કોઈ શબ્દલીલા કે નથી કોઈ પ્રશસ્તિ. આ તો છે પોતાના નિર્મળ જીવન અને કર્તૃત્વ દ્વારા સંપ્રદાયને ગતિ-પ્રગતિ અને અભ્યુદયનાં ઉત્તુંગ શિખરો સર કરાવતા મહાપુરુષની **અભિવંદનાનો શાબ્દિક ઉપક્રમ.** જેવાં શ્વેત વસ્ત્રો તેવું જ નિષ્કલંક જીવન, તેવું જ સમુજ્જ્જવળ પ્રદાન ! શુભત્વ અને શિવત્વથી અભિસિંચિત એક એવું વ્યક્તિત્વ, જે સંપ્રદાયના સત્સંગ સમાજને માત્ર આંજતું જ નથી, માંજે પણ છે. સંપ્રદાયના સંતો અને સત્સંગીઓના સુખે સુખી ને દુઃખે દુઃખી, સંસાર વચ્ચે રહેલા છતાં અંદરથી એકલા, ગૃહસ્થ હોવા છતાં સ્વભાવે વૈરાગી અને નિજાનંદી, આચરણસિદ્ધ આચાર્યત્વના શિખરપુરુષ તથા નમ્રતાના નગેન્દ્ર, ગૌરવના આ ગિરનાર સહિષ્ણુતાના સહ્યાદ્રિ પણ છે અને ગંભીરતા ગહનોદધિ પણ ! પદ છતાં અહંકાર નથી, જ્ઞાન છતાં આડંબર નથી, વિદ્યાથી ઓપતા આ વિનમ્ર સત્પુરુષના વ્યવહારમાં ક્યાંય કપટ કે કટુતા નથી !

પરોઢના ઝાકળમાં સ્નાન કરીને સૂરજના પ્રથમસ્પર્શથી મહેંકી ઊઠતા ગુલાબની **તરૂણતાજગી** જેમના ચહેરા ઉપર હંમેશાં રેલાય છે, જેમના બે તેજસ્વી નયનોમાં સદૈવ ધર્મ અને સમતા, પ્રેમઅને કરુણાની ગંગા-જમના વહેતી અનુભવી શકાય છે; જેમના **તેજસ્વી છતાં નિખાલસ** ચહેરાની રેખાઓમાં બાળકની નિર્દોષતા, યૌવનની દઢતા અને **અનુભવોની પરિપક્વતાનું સમતોલન** ઝગારા મારી રહ્યું છે તેવા **પ.પૂ. ધ.ધુ. આચાર્ય શ્રી અજેન્દ્રપ્રસાદજી મહારાજશ્રી** કવચિત્ આપણને આપણી વચ્ચેના, આપણા જેવાં જ **લૌકિક** ભાસે છે, તો ક્યારેક ન સમજી શકાય કે પાર ન પામી શકાય તેવા અલૌકિક પણ લાગે છે.

એમના તાજગીભર્યા નેતૃત્વના ઝંડા નીચે **ધર્માનુરાગી આશ્રિતો**નો આ **વિશાળ સમુદાય** નિરંતર ભગવાન શ્રી સ્વામિનારાયણના **સિદ્ધાંતો-મર્યાદા, આજ્ઞા-ઉપાસના** વગેરેના લક્ષ ભણી **અગ્રેસર** થતો રહ્યો છે અને થતો રહેશે. અને તેથી જ સંક્ષિપ્ત રીતે **પ.પૂ. ધ.ધુ. આચાર્ય શ્રી અજેન્દ્રપ્રસાદજી મહારાજશ્રી**ની જીવનછબીને ઝીલવાનો પ્રયાસ કરતાં કરતાં **આચાર્યપદના ૨૫ વર્ષ** દરમિયાન તેઓશ્રીને કેન્દ્રમાં રાખીને સંપ્રદાયના ઈતિહાસને સ્પર્શવાનો પ્રયત્ન પણ કર્યો છે.

**માનવજાતનો ઈતિહાસ** એ વાતની સાક્ષી પૂરે છે કે પાવનકારી **પુરુષો** કે **પથદર્શકો** પોતાના અસ્તિત્વને અદના માનવી સાથે એ રીતે પેશ કરતા રહ્યા છે કે જનસામાન્યને તેમની ભવ્યતાનો ભાર લાગતો નથી. **પ.પૂ. ધ.ધુ. આચાર્ય શ્રી અજેન્દ્રપ્રસાદજી મહારાજશ્રી** પણ એ જ વિભૂતિ પરંપરાના એક પ્રતિનિધિ હોવા છતાં પોતાની જીવનપ્રણાલિના નકશાને એ રીતે સજાવતા રહ્યા છે કે સંપ્રદાયના હરિભક્તોને કે અન્ય સહુ કોઈને એમનું અસ્તિત્વ પરમ શ્રેયસ આપનારું હોવા છતાં કદીયે અકળાવનારું લાગતું નથી. અહીં આલેખાયેલી **ધર્મયાત્રાની વિગતો** કેવળ **નમૂનારૂપ** છે, કડીબદ્ધ ઈતિહાસ ક્રમ નથી. પ.પૂ. ધ.ધુ. આચાર્યજી મહારાજશ્રીના પુનિત પગલાં વિવિધ ધર્મકાર્યો-સેવાકાર્યો નિમિત્તે ગામે-ગામ, શહેરે-શહેર પડતાં રહ્યાં છે. એટલે સઘળાં સ્થાનો કે સંતો-હરિભક્તોનો ઉલ્લેખ કરવાની ઈચ્છા હોવા છતાં એ શક્ય ન બને તે સ્વાભાવિક અને ક્ષંતવ્ય છે. પ્રકીર્ણ નોંધો કે સામગ્રીને આધારે અહીં કેવળ **ધર્મકાર્યોની ઝલક પ્રસ્તુત** કરવાનો જ **વિનમ્ર પ્રયાસ** છે. ચૂક કે ક્ષતિને ઉદાર સત્સંગીઓ ક્ષમાદાનથી વંચિત ન જ રાખે. એ શ્રદ્ધા અસ્થાને નથી.

# સં. ૨૦૪૦ - ઈ.સ. ૧૮૮૪ થી સં. ૨૦૬૪/૬૫ ઈ.સ. ૨૦૦૮/૯ (રજત જયંતિ વર્ષ)

- તા. ૧૩ મે ૧૯૮૪, સં. ૨૦૪૦ વૈશાખ સુદ - ૧૩/૧૪ (નૃસિંહ જયંતિ) પ.પૂ. ધ.ધુ. આચાર્ય મહારાજશ્રીનો **ગાદિ પટ્ટાભિષેક મહોત્સવ**, શ્રી સભામંડપ - વડતાલ
- તા. ૨૪ નવેમ્બર ૧૯૮૪, શ્રીમદ્ સત્સંગિજીવન કથા પારાયણ, શ્રી સ્વા. મંદિર - વડોદારા
- તા. ૨ ડીસેમ્બર ૧૯૮૪, સં. ૨૦૪૧ માગશર સુદ - ૧૦, મૂર્તિ પ્રતિષ્ઠા મહોત્સવ - જામવંથલી
- તા. ૫ ડીસેમ્બર ૧૯૮૪, સં. ૨૦૪૧ માગશર સુદ - ૧૨, મૂર્તિ પ્રતિષ્ઠા મહોત્સવ - ડેસર
- તા. ૯ ડીસેમ્બર ૧૯૮૪, મૂર્તિ પ્રતિષ્ઠા મહોત્સવ, મોટા મોતીપુરા
- તા. ૨ માર્ચ ૧૯૮૫, નૂતન મંદિર ભૂમિપૂજન - ધરમનગર
- તા. ૩૧ ઓગષ્ટ ૧૯૮૫, ધનુર્માસોત્સવ - કણજરી
- તા. ૧૮ ઓક્ટોમ્બર ૧૯૮૫, શમીપૂજન મહોત્સવ - વડતાલ
- તા. ૨૭ ઓક્ટોમ્બર ૧૯૮૫, શ્રી સ્વામિનારાયણ છાત્રાયલ ઉદ્‌ઘાટન - વિદ્યાનગર
- તા. ૬ ફેબ્રુઆરી ૧૯૮૭, સ.ગુ. શ્રી ગોપાળાનંદ સ્વામી જન્મજયંતિ મહોત્સવ - વડતાલ
- સં. ૨૦૪૩ ફાગણ વદ - ૯, ઈ.સ. ૧૯૮૭, મૂર્તિ પ્રતિષ્ઠા મહોત્સવ - કાંકણપુર
- સં. ૨૦૪૩ ચૈત્ર સુદ - ૯, ઈ.સ. ૧૯૮૭ - ચૈત્રી સમૈયો - વડતાલ
- તા. ૩ મે ૧૯૮૭, સં. ૨૦૪૪ વૈશાખ સુદ - ૫, **શ્રી નારાયણમુનિ દેવ સાર્ધ શતાબ્દી મહોત્સવ**, નૂતન શ્રી સભામંડપ ઉદ્‌ઘાટન - સુરત
- તા. ૪ મે, સં. ૨૦૪૪ વૈશાખ સુદ - ૬, શ્રી ભીડભંજન દેવ પ્રતિષ્ઠા મહોત્સવ - વડતાલ
- ઈ.સ. ૧૯૮૮ સં. ૨૦૪૪ ફાગણ વદ - ૭, મૂર્તિ પ્રતિષ્ઠા મહોત્સવ, શ્રી સ્વા. મંદિર - ખોપાળા
- ઈ.સ. ૧૯૮૮ સં. ૨૦૪૪ ફાગણ વદ - ૭, મૂર્તિ પ્રતિષ્ઠા મહોત્સવ, શ્રી સ્વા. મંદિર - ભૂપગઢ
- સં. ૨૦૪૫ ઈ. સ. ૧૯૮૯, શ્રી લક્ષ્મી. દેવ યાત્રિક ભોજનાલય ઉદ્‌ઘાટન મહોત્સવ - વડતાલ
- સં. ૨૦૪૫ મહા વદ - ૫ - ઈ. સ. ૧૯૮૯, ૧૬૩મી શિક્ષાપત્રી જયંતિ મહોત્સવ - ગોધરા
- તા. ૧૮ ફેબ્રુઆરી ૧૯૮૯, શ્રીમદ્ સત્સંગિજીવન કથા પારાયણ - પલાણા, તા. નડિયાદ
- તા. ૨૩ માર્ચ ૧૯૮૯, મૂર્તિ પ્રતિષ્ઠા મહોત્સવ, કલાલી (વડોદરા)
- તા. ૨૯ માર્ચ ૧૯૮૯, વાર્ષિક પાટોત્સવ, ખોપાળા, તા. ગઢડા, જી. ભાવનગર
- તા. ૫ થી ૭ એપ્રિલ ૧૯૮૯, નૂતન મંદિર ખાતમુહૂર્ત મહોત્સવ - તારાપુર
- સં. ૨૦૪૫ ચૈત્ર સુદ - ૯, ૨૦૯મો શ્રીહરિ પ્રાગટ્ય મહોત્સવ (ચૈત્રી મહોત્સવ) - વડતાલ
- તા. ૫ મે ૧૯૮૯, શતવાર્ષિક પાટોત્સવ, શ્રી સ્વામિનારાયણ મંદિર - ગોધરા
- તા. ૧૦ મે ૧૯૮૯, શ્રી સ્વામિનારાયણ ગુરુકુલ ખાતમુહૂર્ત - કંડારી
- તા. ૧૨ મે ૧૯૮૯, સૌપ્રથમવાર પધરામણી, દેતડ, તા. સાવરકુંડલા, જી. અમરેલી
- તા. ૧૩ મે ૧૯૮૯, શતવાર્ષિક પાટોત્સવ - શ્રી સ્વામિનારાયણ મંદિર - આંબા, જી. અમરેલી
- તા. ૨૩ મે ૧૯૮૯, ધર્મસભા - બરવાળા
- તા. ૮ જૂન ૧૯૮૯, દેવોનો વાર્ષિક પાટોત્સવ, શ્રી સ્વામિનારાયણ મંદિર - ખંભાત
- તા. ૬ જાન્યુઆરી ૧૯૯૦, કથાપારાયણ - શ્રી સ્વામિનારાયણ મંદિર - ભૂલેશ્વર, મુંબઈ
- તા. ૬ મે - ૧૯૯૦, મૂર્તિ પ્રતિષ્ઠા મહોત્સવ શ્રી સ્વામિનારાયણ મંદિર - નાળિયેલી મોલી, તા. ઉના
- તા. ૧૮ જાન્યુઆરી ૧૯૯૧, મૂર્તિ પ્રતિષ્ઠા મહોત્સવ - સેવાલીયા, તા. ઠાસરા, જી. ખેડા
- તા. ૨૭ જાન્યુઆરી ૧૯૯૧ શિખરબધ્ધ મંદિર મૂર્તિ પ્રતિષ્ઠા મહોત્સવ - ધંધુકા
- તા. ૧૮ ફેબ્રુઆરી ૧૯૯૧, ટાવર તથા ગૌશાળા ઉદ્‌ઘાટન મહોત્સવ - વિરસદ
- તા. ૧૮ ફેબ્રુઆરી ૧૯૯૧, શ્રી સ્વા. મંદિર પુનઃ મૂર્તિ પ્રતિષ્ઠા મહોત્સવ - પેટલાદ
- તા. ૧૫ માર્ચ ૧૯૯૧, શ્રી સ્વા. મંદિર પાટોત્સવ - વડોદરા
- તા. ૨૫ માર્ચ ૧૯૯૧, યજ્ઞ મહોત્સવ - શ્રી સ્વા. મંદિર - વડતાલ
- તા. ૨૫ થી ૨૭ મે ૧૯૯૧, **મૂર્તિ પ્રતિષ્ઠા મહોત્સવ - શિકાગો મંદિર, અમેરિકા** - પ.પૂ. મહારાજશ્રી, પ.પૂ. લાલજી મહારાજશ્રી અને અ.સૌ. ગાદીવાળા માતૃશ્રી વગેરે સહપરિવાર સાથે વિદેશ પ્રવાસ
- તા. ૪ જુલાઈ ૧૯૯૧, **મૂર્તિ પ્રતિષ્ઠા મહોત્સવ - ડલાસ મંદિર, અમેરિકા**
- તા. ૧૦ મે ૧૯૯૩, મૂર્તિ પ્રતિષ્ઠા મહોત્સવ - રૂગનાથપુર (ખોડી), જી. અમરેલી
- તા. ૧૭ નવેમ્બર ૧૯૯૩, ૧૬૯મો વાર્ષિક પાટોત્સવ, શ્રી સ્વા. મંદિર - વડતાલ
- તા. ૧૯ નવેમ્બર ૧૯૯૩, સત્સંગ શિબિર - શ્રી સ્વામિનારાયણ મંદિર - વેડરોડ સુરત
- સં. ૨૦૫૦ મહા સુદ - ૧૩ ઈ.સ. ૧૯૯૪, મૂર્તિ પ્રતિષ્ઠા મહોત્સવ, શ્રી સ્વા. મંદિર - વાસદ
- સં. ૨૦૫૧, જેઠ સુદ - ૧૨ મૂર્તિ પ્રતિષ્ઠા મહોત્સવ, શ્રી સ્વા મંદિર - નાવડા, જી. જૂનાગઢ
- તા. ૩ ડીસેમ્બર ૧૯૯૫, મૂર્તિ પ્રતિષ્ઠા મહોત્સવ - શ્રી સ્વામિનારાયણ મંદિર - કાંદિવલી (મુંબઈ)
- તા. ૧૧ થી ૧૫ એપ્રિલ, ભવ્ય **શ્રી ગુરુમંત્ર પ્રાપ્તિ મહોત્સવ**, શ્રી સ્વામિનારાયણ મંદિર - સરધાર
- ઈ.સ. ૧૯૯૬, સં. ૨૦૫૨ કારતક સુદ - ૨, સરધારમાં **પ્રથમ સત્સંગ છાવણી**નો શુભ પ્રારંભ
- તા. ૧૮ નવેમ્બર ૧૯૯૬, નવસારી થી વડતાલ પદયાત્રા સંઘના યાત્રિકોને દર્શન - નવસારી
- તા. ૨૩ નવેમ્બર ૧૯૯૬, ખેડા થી ગઢડા પદયાત્રા સંઘના યાત્રિકોને દર્શન - ખેડા
- તા. ૨૦ થી ૨૬ જાન્યુઆરી ૧૯૯૭, કથાપારાયણમાં પધરામણી - થાણા (મુંબઈ)
- તા. ૬ જાન્યુઆરી ૧૯૯૭, સુવર્ણ ધ્વજદંડ અને કળશ સ્થાપના મહોત્સવ - રાજકોટ

# રજતજયંતી વર્ષને કોટિ કોટિ વંદના...

- તા. ૮ થી ૧૫ જૂન ૧૯૯૭, ૧૬૭મો શ્રીહરિ અંતર્ધાન મહોત્સવ, ૧૬૭ કલાક અખંડ ધૂન - સુરત
- તા. ૯ થી ૧૫ ફેબ્રુઆરી ૧૯૯૭, વાર્ષિક પાટોત્સવ, શ્રી સ્વા. મંદિર - વિરસદ
- તા. ૧૫ માર્ચ ૧૯૯૭, સત્સંગ સભા અને પધરામણી - ભદામ, તા. રાજપીપળા, જી. ભરુચ
- તા. ૧૧ ઓક્ટોમ્બર ૧૯૯૭, **ભૂમિપૂજન - શ્રી સ્વા. મંદિર સમરસેટ-ન્યુજર્સી, અમેરિકા**
- ઈ.સ. ૧૯૯૭, સં. ૨૦૫૩ કારતક સુદ - ૨, દ્વિતીય શ્રી સ્વા. સત્સંગ છાવણી - સરધાર
- તા. ૨૫ મે ૧૯૯૮, મૂર્તિ પ્રતિષ્ઠા મહોત્સવ - હાડેવા,
- તા. ૧૫ ઓગષ્ટ ૧૯૯૮, **પ.પૂ. મહારાજશ્રીનો ૫૦મો જન્મોત્સવ, શ્રી સ્વા. મંદિર - રામપુરા, સુરત**
- ઈ.સ. ૧૯૯૮, સં. ૨૦૫૪ કારતક સુદ - ૨, તૃતીય શ્રી સ્વા. સત્સંગ છાવણી - સરધાર
- તા. ૩ થી ૯ માર્ચ - ૧૯૯૯, મૂર્તિ પ્રતિષ્ઠા મહોત્સવ, શ્રી સ્વા. મંદિર - વંડા, જી. અમરેલી
- તા. ૨૧ ફેબ્રુઆરી - ૧૯૯૯, મૂર્તિ પ્રતિષ્ઠા મહોત્સવ, શ્રી સ્વા. મંદિર - જલાલપોર, નવસારી
- ૧૯૯૯, મૂર્તિ પ્રતિષ્ઠા મહોત્સવ, શિખરબધ્ધ શ્રી સ્વામિનારાયણ મંદિર - ઉમરેઠ
- તા. ૧૭ થી ૨૩ એપ્રિલ - ૧૯૯૯, મૂર્તિ પ્રતિષ્ઠા મહોત્સવ, શ્રી સ્વા. મંદિર - કલાકુંજ - સુરત
- તા. ૨૧ થી ૨૭ એપ્રિલ - ૧૯૯૯, મૂર્તિ પ્રતિષ્ઠા મહોત્સવ, શ્રી સ્વા.મંદિર - આટકોટ, જી. રાજકોટ
- તા. ૫ થી ૯ મે ૧૯૯૯, શ્રી અજેન્દ્ર યાત્રિક ભુવન ઉદ્‌ઘાટન મહોત્સવ - સરધાર
- તા. ૨૯ ઓક્ટોમ્બર ૧૯૯૯, **શ્રી કષ્ટભંજન દેવ સાર્ધ શતાબ્દી મહોત્સવ - સાળંગપુર**
- તા. ૧૦ થી ૧૮ નવેમ્બર ૧૯૯૯, ચતુર્થ શ્રી સ્વા. સત્સંગ છાવણી - શ્રી સ્વા. મંદિર - સરધાર
- તા. ૧૪ નવેમ્બર ૧૯૯૯ કારતક સુદ-૬, **શિખરબધ્ધ શ્રી સ્વા. મંદિરનું ખાતમુહૂર્ત (શિલારોપણ) મહોત્સવ - સરધાર**
- તા. ૧૫ થી ૨૩ નવેમ્બર ૧૯૯૯, ભવ્ય **શ્રી લક્ષ્મીનારાયણ દેવ શતામૃત મહોત્સવ**, વડતાલ
- તા. ૨૬ ડીસેમ્બર ૧૯૯૯, લીંબાસી, પરીયેજ, તારાપુર, સીંજીવાડા, ઈસરવાડા, બુધેજ, મોરજ, આંબલીપરા, જસકા, ગોરડ, જીણજ, નવી આખોલ વગેરે ખંભાત અને માતર તાલુકા વિસ્તારના ગામોમાં સત્સંગ સભાઓ
- તા. ૮ થી ૧૪ જાન્યુઆરી ૨૦૦૦, શ્રીમદ્ સત્સંગિજીવન પારાયણ, મંદિર - કુબેરનગર, સુરત
- તા. ૯ ફેબ્રુઆરી ૨૦૦૦, મૂર્તિ પ્રતિષ્ઠા મહોત્સવ - ટીંબરવા, તા. સિનોર, જી. વડોદરા
- તા. ૨૧ જાન્યુઆરી ૨૦૦૦, શ્રી ગોપીનાથ પ્રવેશદ્વારનું ઉદ્‌ઘાટન અને સૌરાષ્ટ્ર પરિપેજ યોજના આધારીત ૧ કરોડ રૂપિયાનો ચેક માન. મુખ્યમંત્રી શ્રી કેશુભાઈ પટેલને પ.પૂ. આચાર્યજી મહારાજશ્રીના વરદ્ હસ્તે અર્પણ - ગઢપુર
- તા. ૭ થી ૧૩ ફેબ્રુઆરી ૨૦૦૦, મૂર્તિ પ્રતિષ્ઠા મહોત્સવ - દ્વારિકા
- તા. ૨૪ ફેબ્રુઆરી ૨૦૦૦, મૂર્તિ પ્રતિષ્ઠા મહોત્સવ - નરસંડા, તા. નડિયાદ, જી. ખેડા
- તા. ૭ થી ૯ માર્ચ ૨૦૦૦, મૂર્તિ પ્રતિષ્ઠા મહોત્સવ - શિખરબધ્ધ શ્રી સ્વા. મંદિર - કલ્યાણ (મુંબઈ)
- ૮ થી ૧૨ માર્ચ - ૨૦૦૦, મૂર્તિ પ્રતિષ્ઠા મહોત્સવ - શ્રી સ્વામિનારાયણ મંદિર - નાના માચીયાળા
- તા. ૭ થી ૧૩ માર્ચ ૨૦૦૦, મૂર્તિ મહોત્સવ (પ્રતિષ્ઠા), શ્રી સ્વા. મંદિર - ખાંભા, જી. અમરેલી
- સં. ૨૦૫૬ મહા સુદ-૫ (વસંતપંચમી) શ્રી ઘનશ્યામ મહારાજ પુનઃ પ્રતિષ્ઠા મહોત્સવ-રામપુરા મંદિર, સુરત
- સં. ૨૦૫૬ ચૈત્ર સુદ - ૯ ઈ.સ. ૨૦૦૦, ચૈત્રી સમૈયો, શ્રી સ્વામિનારાયણ મંદિર - વડતાલ
- ઈ.સ. ૨૦૦૦, સં. ૨૦૫૬ કારતક સુદ - ૨, પંચમી શ્રી સ્વા. સત્સંગ છાવણી - સરધાર
- સં. ૨૦૫૭ ફાગણ વદ - **૫, પ.પૂ. લાલજી મહારાજશ્રીનો ૨૮મો જન્મોત્સવ**, સભામંડપ - વડતાલ
- તા. ૪ મે - ૨૦૦૧ સં. ૨૦૫૭ વૈશાખ સુદ - ૧૨, મૂર્તિ પ્રતિષ્ઠા મહોત્સવ - શ્રીજીમંદિર - સુરત
- ઈ.સ. ૨૦૦૧ સં. ૨૦૫૭ કારતક સુદ - ૫, છઠ્ઠી શ્રી સ્વા. સત્સંગ છાવણી, નૂતન શિખરબધ્ધ શ્રી સ્વા. મંદિર - સરધારનો શિલાન્યાસ મહોત્સવ
- તા. ૧૩ થી ૨૦ નવેમ્બર ૨૦૦૧, શરણાગત સત્સંગ શિબિર, શ્રી સ્વા. મંદિર - બગસરા
- તા. ૧૭ થી ૨૩ ડીસેમ્બર ૨૦૦૧, કથાપારાયણ, પેટલાદ, જી. આણંદ
- તા. ૧૯ ડીસેમ્બર ૨૦૦૧, હોમાત્મક મહાપૂજા, શ્રી સ્વામિનારાયણ મંદિર - બોરસદ
- તા. ૨૧ ડીસેમ્બર ૨૦૦૧, ૧૪૪મો પાટોત્સવ, શ્રી સ્વા. કષ્ટભંજન દેવ મંદિર - પારીખા
- તા. ૨૫ ડીસેમ્બર ૨૦૦૧, ૧૭મો વાર્ષિક પાટોત્સવ, શ્રી સ્વા. મંદિર - જામવંથલી
- તા. ૨૪ થી ૨૬ જાન્યુઆરી ૨૦૦૨, મહાવિષ્ણુયાગ, શ્રી રોકડીયાદેવ હનુમાનજી મંદિર - આણંદ
- તા. ૧૩ ફેબ્રુઆરી ૨૦૦૨, શાકોત્સવ - શ્રી સ્વામિનારાયણ મંદિર - રોપા, જી. વડોદરા
- તા. ૧૫ ફેબ્રુઆરી ૨૦૦૨, પ્રાણ પ્રતિષ્ઠા મહોત્સવ - શ્રી સ્વા. મંદિર - પોર, જી. વડોદરા
- તા. ૧૭ ફેબ્રુઆરી ૨૦૦૨, મૂર્તિ પ્રતિષ્ઠા મહોત્સવ, ડબકા, તા. પાદરા, જી. વડોદરા
- તા. ૧૯ થી ૨૫ ફેબ્રુઆરી ૨૦૦૨, મૂર્તિ પ્રતિષ્ઠા મહોત્સવ, શ્રી સ્વા. મંદિર - સાવરકુંડલા
- તા. ૨૫ ફેબ્રુઆરી - ૨૦૦૨, મૂર્તિ પ્રતિષ્ઠા મહોત્સવ, મહિલા મંદિર - ભંડારીયા, તા. ગારીયાધાર
- તા. ૧૧ માર્ચ ૨૦૦૨, ખાતમુહૂર્ત મહોત્સવ, શ્રી સ્વા. મંદિર - ઈંગોરાળા (જાગાણી) તા. લાઠી
- તા. ૨૮-૨ થી ૬ માર્ચ ૨૦૦૨, **શતાબ્દી મહોત્સવ**, શ્રી સ્વા. મંદિર - ડભોઈ, જી. વડોદરા
- તા. ૨૪ એપ્રિલ ૨૦૦૨, કથાપારાયણ, માણાવદર
- તા. ૨૮ એપ્રિલ થી ૪ મે ૨૦૦૨, કથાપારાયણ, મોટા બારમણ, તા. ખાંભા, જી. અમરેલી
- તા. ૪ મે ૨૦૦૨, મૂર્તિ પ્રતિષ્ઠા મહોત્સવ, શ્રી સ્વા. મંદિર - ભેરાઈ, તા. રાજુલા, જી. અમરેલી
- તા. ૧૭ થી ૨૪ મે ૨૦૦૨, મૂર્તિ પ્રતિષ્ઠા મહોત્સવ, શ્રી સ્વા. મંદિર - પીઠવડી, તા. સાવરકુંડલા
- તા. ૧૮ થી ૨૪ મે ૨૦૦૨, મૂર્તિ પ્રતિષ્ઠા મહોત્સવ, શ્રી સ્વા. મંદિર - કાનાતળાવ, તા. સાવરકુંડલા
- તા. ૩૦ મે થી ૫ જૂન ૨૦૦૨, મૂર્તિ પ્રતિષ્ઠા મહોત્સવ, શ્રી સ્વા. મંદિર - વિકળીયા, તા. ગઢડા
- તા. ૩૧ મે થી ૮ જૂન ૨૦૦૨, કથાપારાયણ, શ્રી સ્વામિનારાયણ મંદિર - સોજીત્રા, જી. આણંદ
- તા. ૧૧ થી ૧૩ જૂન ૨૦૦૨, મૂર્તિ પ્રતિષ્ઠા મહોત્સવ, શ્રી સ્વા. મંદિર - ગાધકડા, તા. સાવરકુંડલા
- તા. ૨૦ જૂન ૨૦૦૨, મૂર્તિ પ્રતિષ્ઠા મહોત્સવ, મહિલા મંદિર - પાણેથા, તા. ઝઘડીયા, જી. ભરુચ
- તા. ૨૨ જૂન ૨૦૦૨, ૭મો વાર્ષિક પાટોત્સવ, શ્રી સ્વા. મંદિર - નાવડા, તા. વંથલી, જી. જૂનાગઢ
- ઈ.સ. ૨૦૦૨ સં. ૨૦૫૮ અષાઢ સુદ - ૧૫, શ્રી ગુરુપૂર્ણિમા મહોત્સવ - વડતાલ
- ઈ.સ. ૨૦૦૨ સં. ૨૦૫૮ ભાદરવા સુદ - ૧૧, જળઝીલણી મહોત્સવ - શ્રી સ્વા. મંદિર - ગઢપુર

- ઈ.સ. ૨૦૦૨ સં. ૨૦૫૮, **અધિક માસ યજ્ઞ મહોત્સવ** - શ્રી રઘુવીર વાડી - વડતાલ
- તા. ૩૧ ઓક્ટોમ્બર ૨૦૦૨, સરદાર પટેલ જન્મજયંતિ, સાવરકુંડલા
- તા. ૨૧ થી ૩૧ ડીસેમ્બર ૨૦૦૨, **શ્રીહરિનો ભવ્ય આગમન મહોત્સવ** - સરધાર
- તા. ૧૮ જાન્યુઆરી ૨૦૦૩, **પ.પૂ. લાલજી મહારાજશ્રીનો લગ્ન તિલકોત્સવ - વડતાલ**
- તા. ૨૧ ઓગષ્ટ ૨૦૦૩, **પ.પૂ. મહારાજશ્રીનો ૫૫મો જન્મોત્સવ, સુરત**
- તા. ૨૪ થી ૩૦ જાન્યુઆરી - ૨૦૦૪, **ભવ્ય શતામૃત મહોત્સવ** - પલાણા, તા. નડિયાદ
- તા. ૨૩ ફેબ્રુઆરી - ૨૦૦૪ - મૂર્તિ પ્રતિષ્ઠા મહોત્સવ, શ્રી સ્વામિનારાયણ મંદિર - વેજલપુર (ગોધરા)
- તા. ૪ માર્ચ - ૨૦૦૪, ભવ્ય શાકોત્સવ, શ્રી સ્વા. મંદિર - પારીખા, જી. વડોદરા
- તા. ૨૨ થી ૨૮ માર્ચ - ૨૦૦૪, કથાપારાયણ - સુરત
- તા. ૩૦ થી ૫ માર્ચ/એપ્રિલ- ૨૦૦૪, કથાપારાયણ - ભાવનગર
- તા. ૧૨ થી ૧૬ મે ૨૦૦૪, **પ્રથમબાળ-યુવા મહોત્સવ પ્રારંભ, શ્રી સ્વા. મંદિર - સરધાર**
- તા. ૨૬ થી ૩૦ એપ્રિલ - ૨૦૦૪ મૂર્તિ પ્રતિષ્ઠા મહોત્સવો - શ્રી સ્વામિનારાયણ મંદિર - ફાચરીયા, સનાળા, કેરાળા (કમી), મોટા ઝીંઝુડા, જૂની હળિયાદ, માંડવી, રાંદેર (સુરત), ઉતરાજ, નાવડા વગેરે...
- તા. ૨૯ મે -૦૪, જેઠ સુદ - ૧૦, મૂર્તિ પ્રતિષ્ઠા મહોત્સવ - શ્રી સ્વા. મંદિર - ડોંબીવલી (મુંબઈ)
- તા. ૨૯ મે -૦૪, જેઠ સુદ - ૧૦, મૂર્તિ પ્રતિષ્ઠા મહોત્સવ - શ્રી સ્વા. મંદિર - બોરીવલી (મુંબઈ)
- ઈ.સ. ૨૦૦૪ સં. ૨૦૬૦ અષાઢ સુદ - ૧૫, શ્રી ગુરુપૂર્ણિમા મહોત્સવ - વડતાલ
- ઈ.સ. ૨૦૦૪ સં. ૨૦૫૮ **અધિક શ્રાવણ માસ, શ્રીહરિ યાગ યજ્ઞ મહોત્સવ,** શ્રી રઘુવીર વાડી - વડતાલ
- તા. ૨ થી ૧૭ સપ્ટેમ્બર -૦૪,, **ઉત્તરભારત સ્પેશ્યલ ટ્રેનયાત્રા** - શ્રી સ્વા. મંદિર - સરધાર
- તા. ૧૩ થી ૧૯ ડીસે. - ૨૦૦૪, કથાપારાયણ તથા પાટોત્સવ, આંબલીયા (ઘેડ) તા. માણાવદર
- તા. ૨૭ ડીસેમ્બર થી ૬ જાન્યુઆરી ૨૦૦૫, ભવ્ય **શ્રી વચનામૃત શતામૃત મહોત્સવ** - બગસરા
- તા. ૯ થી ૧૫ મે - ૨૦૦૫, મૂર્તિ પ્રતિષ્ઠા મહોત્સવ - શ્રી સ્વા. મંદિર - સરાકડીયા, જી. અમરેલી
- તા. ૧૬ થી ૨૦ મે - ૨૦૦૫, મૂર્તિ પ્રતિષ્ઠા મહોત્સવ - શ્રી સ્વા. મંદિર - અગતરાય, જી. જૂનાગઢ
- તા. ૧૫ થી ૨૦ મે - ૨૦૦૫, મૂર્તિ પ્રતિષ્ઠા મહોત્સવ - શ્રી સ્વા. મંદિર - પીપરડી (ઘોબા)
- ઈ.સ. ૨૦૦૫ સં. ૨૦૬૧ અષાઢ સુદ - ૧૫, શ્રી ગુરુપૂર્ણિમા મહોત્સવ - વડતાલ
- તા. ૧ થી ૧૫ સપ્ટેમ્બર -૦૫, **દક્ષિણ ભારત સ્પેશ્યલ ટ્રેનયાત્રા** - શ્રી સ્વા. મંદિર - સરધાર
- તા. ૨૦ ઓક્ટોમ્બર ૨૦૦૫, **શ્રી સ્વામિનારાયણ ચિંતન** સામયિકનો પ્રારંભ...
- તા. ૨ ફેબ્રુઆરી - ૨૦૦૬, મૂર્તિ પ્રતિષ્ઠા મહોત્સવ - ભાદરવા, સાંકરદા, કાયાવરોહણ
- તા. ૨૦ માર્ચ -૦૬, ફાગણ વદ - ૫, **પ.પૂ. લાલજી મહારાજશ્રીનો ૩૩મો જન્મોત્સવ - રાજકોટ**
- તા. ૩૦-૩ થી ૫-૪-૦૬, શ્રીહરિનો રજત દ્વિશતાબ્દી પ્રાગટ્ય મહોત્સવ - માણાવદર
- તા. ૬ થી ૧૩-૪-૦૬, શ્રીહરિનો રજત દ્વિશતાબ્દી પ્રાગટ્ય મહોત્સવ - આણંદ
- તા. ૩૦ થી ૫ એપ્રિલ/મે - ૨૦૦૬, મૂર્તિ પ્રતિષ્ઠા મહોત્સવ - શ્રી સ્વા. મંદિર - તાવેડા, કુંભારીયા, તલગાજરડા, ફિફાદ,
- તા. ૧૦ થી ૧૧ મે - ૨૦૦૬, મૂર્તિ પ્રતિષ્ઠા મહોત્સવ શ્રી સ્વા. મંદિર - ઈટોલા (વડોદરા), બાઢડા (સાવરકુંડલા),
- તા. ૨૮ થી ૩૧ મે - ૨૦૦૬, મૂર્તિ પ્રતિષ્ઠા મહોત્સવ - શ્રી સ્વા. મંદિર - વેરાવળ (સોમનાથ)
- તા. ૧૧ જૂલાઈ ૨૦૦૬ અષાઢ સુદ - ૧૫, શ્રી ગુરુપૂર્ણિમા મહોત્સવ, શ્રી રઘુવીર વાડી - વડતાલ
- તા. ૨૪ થી ૩૦ ઓક્ટોમ્બર ૨૦૦૬, **ભવ્ય શ્રી ગઢપુર મહોત્સવ** - શ્રી સ્વા. મંદિર - ગઢડા
- તા. ૯ થી ૨૭ નવેમ્બર ૨૦૦૬, **ઉત્તર-પૂર્વ ભારત સ્પેશ્યલ ટ્રેનયાત્રા** - શ્રી સ્વા. મંદિર - સરધાર
- તા. ૧૩ થી ૧૫ જાન્યુઆરી, શ્રી નૃગેન્દ્ર યાત્રિક ભુવન ઉદ્‌ઘાટન સમારોહ તથા અગિયારમી સત્સંગ છાવણી-સરધાર
- તા. ૨૪ જાન્યુઆરી - ૨૦૦૭, મૂર્તિ પ્રતિષ્ઠા મહોત્સવ - શ્રી સ્વા. મહિલા મંદિર - વાંસખીલીયા
- તા. ૭ ફેબ્રુઆરી - ૨૦૦૭, મૂર્તિ પ્રતિષ્ઠા મહોત્સવ - શ્રી સ્વા. મહિલા મંદિર - પીપરલા
- તા. ૭ ફેબ્રુઆરી - ૨૦૦૭, મૂર્તિ પ્રતિષ્ઠા મહોત્સવ - શ્રી સ્વા. મંદિર - તાલાળા (ગીર)
- તા. ૯ માર્ચ ૨૦૦૭, **પ.પૂ. લાલજી મહારાજશ્રીનો ૩૪મો જન્મોત્સવ તથા નૂતન હોસ્પિટલ લોકાર્પણ - સરધાર**
- તા. ૧૧ થી ૧૭ એપ્રિલ-૨૦૦૭, મુંબઈ પરાવિસ્તારમાં પ્રથમ **શ્રી સ્વામિનારાયણ મહોત્સવ** - મીરારોડ (મુંબઈ)
- તા. ૨૩ એપ્રિલ - ૨૦૦૭, મૂર્તિ પ્રતિષ્ઠા મહોત્સવ - શ્રી સ્વા. મંદિર - ખસ, જી. અમદાવાદ
- તા. ૨૩ એપ્રિલ - ૨૦૦૭, મૂર્તિ પ્રતિષ્ઠા મહોત્સવ - શ્રી સ્વા. મંદિર - સાલૈયા, તા. બોટાદ
- તા. ૨૪ એપ્રિલ - ૨૦૦૭, મૂર્તિ પ્રતિષ્ઠા મહોત્સવ - શ્રી સ્વા. મંદિર - નાના મુંજીયાસર
- તા. ૨૯ એપ્રિલ - ૨૦૦૭, મૂર્તિ પ્રતિષ્ઠા મહોત્સવ - શ્રી સ્વા. મંદિર - વાંશીયાળી, તા. સાવરકુંડલા
- તા. ૩૦ એપ્રિલ - ૨૦૦૭, મૂર્તિ પ્રતિષ્ઠા મહોત્સવ - શ્રી સ્વા. મંદિર - પીયાવા, તા. સાવરકુંડલા
- તા. ૩૦ એપ્રિલ - ૨૦૦૭, મૂર્તિ પ્રતિષ્ઠા મહોત્સવ - શ્રી સ્વા. મંદિર - કોવાયા, તા. રાજુલા
- તા. ૧૫ મે થી ૧૬ જૂન - ૨૦૦૭, **અધિક જેઠ માસ - શ્રી યજ્ઞ મહોત્સવ** - વડતાલ
- તા. ૭ થી ૧૮ નવેમ્બર - ૨૦૦૭, બારમી શ્રી સ્વામિનારાયણ સત્સંગ છાવણી - સરધાર
- તા. ૨૯-૧૧ થી ૩-૧૨-૦૭, **સોમનાથથી થી વલસાડ સુધી સર્વદર્શન શાંતિ યાત્રા**
- તા ૧૧ થી ૧૫ ડીસેમ્બર -૦૭, **સાર્ધ શતાબ્દી મહોત્સવ - પારીખા,** જી. વડોદરા
- તા. ૩૧-૧૨-૦૭ થી ૧૫-૦૧-૦૮, **દક્ષિણ ભારત સ્પેશ્યલ ટ્રેનયાત્રા** - શ્રી સ્વા. મંદિર - સરધાર
- તા. ૧૨ થી ૧૬-૨-૦૮, શ્રીહરિ ચરણારવિંદ પ્રાણ પ્રતિષ્ઠા મહોત્સવ - સારસા, જી. ભરુચ
- તા. ૨૩ થી ૨૯-૨-૦૮, રજત જયંતિ મહોત્સવ - શ્રી સ્વા. મંદિર - ખસ, જી. અમદાવાદ
- તા. ૮ થી ૧૫-૩-૦૮, મૂર્તિ પ્રતિષ્ઠા મહોત્સવ, શ્રી સ્વા. મંદિર - જડકલા, તા. સાવરકુંડલા
- તા. ૭ થી ૧૩ માર્ચ -૦૮, મૂર્તિ પ્રતિષ્ઠા મહોત્સવ, શ્રી સ્વા. મહિલા મંદિર - કારિયાણી
- તા. ૮ થી ૧૦-૩-૦૮, મૂર્તિ પ્રતિષ્ઠા મહોત્સવ, મહિલા મંદિર - નાના ઝીંઝાવદર, તા. ગઢડા
- તા. ૨૭ માર્ચ -૦૮, **પ.પૂ. લાલજી મહારાજશ્રીનો ૩૫મો જન્મોત્સવ,** સત્સંગ સમાજ - ગોધરા
- તા. ૩૦ માર્ચ -૦૮, પ.પૂ. લાલજી મહારાજશ્રીનો ૩૫મો જન્મોત્સવ, સત્સંગ સમાજ - રાજકોટ
- તા. ૨૧ થી ૨૭ એપ્રિલ, શ્રીમદ્ સત્સંગિજીવન કથા પારાયણ - શેડુભાર, તા.જી. અમરેલી
- તા. ૨૫-૪ થી ૩-૫-૦૮, **ભવ્ય શતામૃત મહોત્સવ** - શ્રી ભંડારીયા હનુમાનજી મંદિર - ભાક્ષી ભંડારીયા, તા. રાજુલા



## રજતજયંતી વર્ષને કોટિ કોટિ વંદના....

॥ શ્રી સ્વામિનારાયણો વિજયતેતરામ્ ॥

**પવિત્ર શ્રાવણ માસમાં સંતો-ભક્તોના દિવ્ય સંગમાં ભગવાનશ્રી સ્વામિનારાયણના પાવનકારી ચરણથી અંકિત રામેશ્વર, જગન્નાથપુરી, બદ્રિનાથ અને દ્વારિકા આદિક ભારતના ચારધામ સહિત પવિત્ર તીર્થધામોના દર્શન કરી જીવનને ધન્ય બનાવવાનો સોનેરી અવસર...**

પ.પૂ. સનાતન ધ.ધુ. ૧૦૦૮ શ્રી **આચાર્ય શ્રી અજેન્દ્રપ્રસાદજી મહારાજશ્રી**ના **'ગાદિ પટ્ટાભિષેક'**ના **રજત જયંતિ વર્ષ**માં વિશ્વશાંતિ અને ભગવાન શ્રીહરિની પ્રસન્નતાર્થે આગામી આંતરરાષ્ટ્રીય **'શ્રી સ્વામિનારાયણ મહામંત્ર મહોત્સવ'**ના ઉપક્રમે **શ્રી સ્વામિનારાયણ મંદિર - સરધાર** દ્વારા આયોજીત **ચારધામ** છઠ્ઠી

# શ્રી સ્વામિનારાયણ સ્પેશ્યલ ટ્રેનયાત્રા-૨૦૦૯

**પ્રયોજક :-** પૂ. સદ્. સ્વામી શ્રી નિત્યસ્વરૂપદાસજી - વડતાલ (હાલ-સરધાર)

## તારીખ :- ૧-૮-૨૦૦૯ થી ૩૦-૮-૨૦૦૯ સુધી

**ટીકીટ દર :- રૂા. ૧૯,૫૦૦/-** **કુલ દિવસ :- ૩૦ (ત્રીસ)**

ભગવાન શ્રી સ્વામિનારાયણ શિક્ષાપત્રીના શ્લોક ૮૩માં કહ્યું છે કે, 'कर्तव्या द्वारिका मुख्य तीर्थयात्रा यथाविधि ।' 'સર્વે જે અમારા આશ્રિત તેમણે દ્વારિકા આદિક જે તીર્થ તેમની યાત્રા જે તે પોતાના સામર્થ્ય પ્રમાણે યથાવિધિએ કરીને કરવી.' તેમજ વૈરાગ્યમૂર્તિ સ.ગુ. શ્રી નિષ્કુળાનંદ સ્વામી પુરુષોત્તમપ્રકાશમાં લખે છે : **'ભાગ્ય મોટા એ ભૂમિનાં, જીયાં હર્યા ફર્યા હરિ આપ; પાવન થઈ એ પૃથ્વી, હરિચરણને પ્રતાપ.'**વળી, પ.પૂ. ધ.ધુ. આચાર્ય શ્રી વિહારીલાલજી મહારાજશ્રી 'શ્રીહરિલીલામૃત ગ્રંથ'માં કહે છે :- **'જ્યાં જ્યાં ફર્યા કૃષ્ણ કૃપાળુ નાથ, જ્યાં જ્યાં ફર્યા સંત મહાંત સાથ; તે સ્થાન તો ઉત્તમતીર્થ ગણાય, પવિત્ર તે તીર્થ વિષે થવાય.'** આવા શુભ હેતુથી સર્વાવતારી **ભગવાન શ્રી સ્વામિનારાયણ**ની પૂર્ણકૃપાથી અને પ.પૂ. સનાતન ધ.ધુ. ૧૦૦૮ શ્રી **આચાર્ય શ્રી અજેન્દ્રપ્રસાદજી મહારાજશ્રી**ના **'ગાદિ પટ્ટાભિષેક'**ના **રજત જયંતિ વર્ષ**માં વિશ્વશાંતિ અને ભગવાન શ્રીહરિની પ્રસન્નતાર્થે આગામી આંતરરાષ્ટ્રીય **'શ્રી સ્વામિનારાયણ મહામંત્ર મહોત્સવ'**ના ઉપક્રમે સરધારનિવાસી **પૂ. સ.ગુ. સ્વામી શ્રી નિત્યસ્વરૂપદાસજી**ના માર્ગદર્શન પ્રમાણે ભગવાન શ્રી સ્વામિનારાયણના પ્રાગટ્ય સ્થાન છપૈયા અને નીલકંઠ વર્ણીરૂપે શ્રીજીમહારાજે જ્યાં વનવિચરણ કર્યું છે તેમજ ભારત દેશના મુખ્ય તીર્થસ્થાન ગણાતા એવા **રામેશ્વર, જગન્નાથપુરી, બદ્રિનાથ અને દ્વારિકા** આદિક પવિત્ર **ચારધામોની શ્રી સ્વામિનારાયણ મંદિર - સરધાર** દ્વારા છઠ્ઠી **'શ્રી સ્વામિનારાયણ સ્પેશ્યલ ટ્રેનયાત્રા'**નું **તા. ૦૧-૦૮-૦૯ શ્રાવણ સુદ - ૧૧** થી **તા. ૩૦-૦૮-૦૯ ભાદરવા સુદ - ૧૦** સુધી આયોજન કરવામાં આવ્યું છે. તો આ યાત્રામાં પવિત્ર બ્રહ્મનિષ્ઠ સંતોના સાંનિધ્યમાં સંપન્ન કરી જીવનને ધન્યભાગી બનાવવાનો સોનેરી અવસર રખેને ચૂકાય ન જાય!!!

**નોંધ :-** આ ટ્રેનયાત્રામાં પુરુષ ભક્તો અને સ્ત્રીભક્તો એમબંનેને લાભ લઈ શકશે.

**ટ્રેનયાત્રા આયોજક :- શ્રી સ્વામિનારાયણ મંદિર - સરધાર,**
તા.જી. રાજકોટ. ફો.નં. ૦૨૮૧ - ૨૭૮૧૨૧૧, મો. ૯૮૭૯૭૫૮૫૦૩
**E-mail :** trainyatrasardhar@gmail.com, sms_108@yahoo.com










# દર્શનીય પવિત્ર તીર્થસ્થળો

**નાસિક, ત્ર્યંબકેશ્વર, પંઢરપુર, રામેશ્વર, ત્રીચીનાપલ્લી, શ્રીરંગક્ષેત્ર, શિવકાંચી-વિષ્ણુકાંચી (કાંચીપૂરમ્), સુવર્ણ મંદિર - વેલુર, ભૂતપુરી, તિરૂપતિ બાલાજી, જગન્નાથપુરી, ભૂવનેશ્વર, સાક્ષીગોપાલ, ગયાજી, બૌદ્ધગયા, કાશી(વારાણસી), પ્રયાગરાજ-અલ્હાબાદ, અયોધ્યા, છપૈયા, હરિદ્વાર, ઋષિકેશ, કેદારનાથ, બદ્રિનાથ, મથુરા, વૃંદાવન, ગોકુળ, વડતાલ, દ્વારિકા, રાજકોટ**

**ટીકીટ દર :** ❖ યાત્રાપ્રવાસ-ભોજન તથા દર્શનની બસ વ્યવસ્થાના ખર્ચ સાથે ટીકીટનો દર એક ટીકીટના રૂા. ૧૯,૫૦૦ રાખવામાં આવેલ છે. ❖ બુકિંગ સમયે **રૂા. ૫,૫૦૦** ભરવાના રહેશે તથા બાકીના રકમ ટીકીટ દીઠ **રૂા.૧૪,૦૦૦** યાત્રાપ્રવાસ ઉપડતા પહેલા ૩૦ દિવસે ભરી દેવાના રહેશે.

**યાત્રા વ્યવસ્થા :** યાત્રાપ્રવાસ રેલ્વેની સંપૂર્ણ સ્પેશ્યલ ટ્રેન દ્વારા આયોજીત કરેલ છે. જેમાં થ્રીટાયર સ્લિપર કલાસમાં દરેક યાત્રીકને સ્વતંત્ર સુવાની સગવડતા મળશે. તેમજ આરામથી બેસીને યાત્રાને માણી શકશે. અને યાત્રાપ્રવાસ દરમ્યાન ટ્રેનમાં યા તીર્થસ્થળોએ તીર્થમાહાત્મ્ય શ્રવણ તેમજ કથા-વાર્તાનો લાભ સંતોની અમૃતવાણી દ્વારા સંપૂર્ણ યાત્રાપ્રવાસમાં મળતો રહેશે.

**ભોજન વ્યવસ્થા :** કિચનકારથી સજ્જ સ્પેશ્યલ ટ્રેનમાં ભગવાન શ્રી સ્વામિનારાયણની આજ્ઞા પ્રમાણે શુદ્ધ અને ગાળી-ચાળીને પવિત્રપણે ઠાકોરજીનો થાળ ધરીને બંને સમય સ્વાદિષ્ટ સાત્ત્વિક ભોજન તથા સવારે દૂધ-નાસ્તો પીરસવામાં આવશે.

**ખાસનોંધ :** યાત્રાપ્રવાસમાં કોઈને પણ બજારું ખાદ્ય પદાર્થ યા ડુંગળી-લસણ વગેરે ચીજવસ્તુઓ ટ્રેનમાં લાવવા દેવામાં આવશે નહિ.

**દર્શન તથા વાહન વ્યવસ્થા :** ❖ રેલ્વે સ્ટેશનથી યાત્રાપ્રવાસ સૂચિના દર્શનીય સ્થાનોએ જવા આવવાના ખાસ સ્પેશ્યલ બસો વગેરે મુકવામાં આવશે. તે વાહન વ્યવસ્થાનો ટીકીટ ખર્ચમાં સમાવેશ થઈ જાય છે. ❖ ટીકીટમાં હોડી, ડોલી, ઘોડા, ટાંગા તથા જોવાલાયક સ્થળોની પ્રવેશ ફી વગેરેનો સમાવેશ થતો નથી. ❖ સ્થાનિક ટ્રાફીકના નિયમો પ્રમાણે બસનો પ્રવેશ માન્ય હશે ત્યાં સુધી જશે અને સાંકડા માર્ગો ઉપર બસ ન જઈ શકે ત્યાં ચાલીને કે પોતપોતાની રીતે જવાનું રહેશે.

## બુકિંગ માટે સંપર્ક

**૧. શ્રી સ્વા.મંદિર - સરધાર,** ફો. ૦૨૮૧-૨૭૮૧૨૧૧, ૯૮૭૯૭૫૮૫૦૩. **૨. શ્રી સ્વા.મંદિર - ડોંબીવલી,** ફો. ૦૨૫૧-૨૪૫૩૮૭૫, ૨૪૨૦૬૮૦. **૩. શ્રી સ્વા.મંદિર - બગસરા-ખોપાળા,** ફો. ૦૨૭૯૬ - ૨૨૨૫૪૧, ૦૨૮૪૭ - ૨૮૨૦૩૭. **૪. શ્રી સ્વા.મંદિર - જેતપુર,** ફો. ૦૨૮૨૩ - ૨૨૦૦૭૪ **૫. શ્રી સ્વા.મંદિર - શ્રીજીનગર - સુરત,** ફો. ૯૮૭૯૭ ૫૮૫૧૩. **૬. શ્રી સ્વા.મંદિર - બોરિવલી,** ફો. ૦૨૨ ૨૮૯૦૩૭૧૭. **૭. શ્રી સ્વા.મંદિર - વરજાંગ જાળિયા,** ફો. ૯૮૭૯૬ ૯૧૮૯૬. **૮. ધર્મવલ્લભ સ્વામી - વડતાલ,** ફો. ૯૮૨૫૧ ૩૪૧૦૮. **૯. મનસુખભાઈ દહિસર,** ફો. ૦૯૮૩૩૫ ૧૫૧૭૨. **૧૦. ઈશ્વરભાઈ - અમદાવાદ,** ફો. ૯૯૨૫૦ ૪૪૧૦૮. **૧૧. દુર્લભજીભાઈ - નવસારી,** ફો. ૯૩૨૮૦૧૬૪૨૧. **૧૨. અશોકભાઈ વિદ્યાનગર,** ફો. ૯૮૨૪૪૯૩૩૮૭. **૧૩. કાંતિભાઈ - પુના,** ફો. ૦૯૯૨૧૨૨૫૫૮૮, **૧૪. નીલકંઠભાઈ - પુના,** ફો. ૦૯૩૨૫૨૩૦૯૩૫

---

દર મહિનાના પહેલા રવિવારે સરધાર અને મહિનાના છેલ્લા શનિવારે રાજકોટમાં યોજાતી

# અભયદાન સત્સંગ સભા

**સરધાર :** તા. ૦૫-૦૭-૨૦૦૯, અષાઢ સુદ - ૧૩
**સમય :-** સવારે ૯ થી ૧

**રાજકોટ :-** તા. ૨૭-૦૬-૦૯, અષાઢ સુદ - ૫, શનિવાર
**સમય :-** રાત્રે ૯ થી ૧૧

**સંપર્ક :-** શ્રી મહેન્દ્રભાઈ પાટડીયા - મો. ૯૪૨૬૨૨૯૫૫૮, શ્રી કરશનભાઈ ઢાંકેચા - મો. ૯૪૨૬૭૮૧૧૭૯

## રજતજયંતી વર્ષને કોટિ કોટિ વંદના....

# PARMAR
GROUP OF COMPANIES
THE RESULT OF FAITH TRUTH & CONFIDENCE

PARMAR'S Real Life PROJECT







- ☆ INDUSTRIAL COMPLEX
- ☆ RESIDENTIAL COMPLEX
- ☆ COMMERCIAL COMPLEX
- ☆ RECREATIONAL COMPLEX

**Corporate office:**
Parmar Business House,
Western Express Highway (NH8),
Pelhar Village, Near Vasai Fata, Vasai (E),
Thane 401 208.
Phone: (0250) 6450269, 2452500
Telefax: (0250) 2451189, 2451190.

**City Office:**
Parmar Estate,
Parekh Nagar, Opp. Swami Vivekanand Int. School, Kandivali (W), Mumbai 400 067.
Phone : 91-22-28632321 Telefax: 91-22-28050364
**E-mail :-** parmarreallife@yahoo.com
**Website :-** www.parmarconstructions.com

---

II Shree Swaminarayano Vijaytetram II

GHANSHYAM KARAD (Managing Director)
Cell :- +91-98794-22299, +91-98251-41342



# Sanjeevani
Medicare Pvt. Ltd.

3G - Resham Bhawan, Lal Darwaja,
Surat - 395 003(Guj)INDIA
**Tel. :-** +91 261 3218111, 6454486.
**Fax :-** +91 261 2491160
**Visit us at :-** www.sanjeevanimedicare.in
**Email :-** sandeep.pandya@yahoo.co.in

---

॥ શ્રી સ્વામિનારાયણો વિજયતેતરામ્ ॥

હસમુખભાઈ વાઘાણી
મો. ૯૯૨૫૪૯૯૩૫૪

શૈલેષભાઈ વાઘાણી
મો. ૯૮૨૪૯૭૪૫૦૧



# હરિ દર્શન
રીટેલ શોપ

H R

શુટીંગ-શર્ટીંગનો શો-રૂમ

**શુટ, શેરવાની, બ્લેજર વગેરે ભાડેથી મળશે.**

૮૩ - ભગવતીનગર, સ્પીનીંગ મીલની બાજુમાં,
લક્ષ્મણનગર રોડ, વરાછા રોડ, સુરત - ૬

---

॥ શ્રી સ્વામિનારાયણો વિજયતેતરામ્ ॥

શ્રી સ્વામિનારાયણ સંપ્રદાયના મુખ્ય ગાદીસ્થાન વડતાલ ખાતે શ્રદ્ધા અને ભાવપૂર્વક હરિભક્તો દ્વારા ઉજવવામાં આવતો વડતાલ પીઠાધિપતિ પ.પૂ. ધ.ધુ. ૧૦૦૮ શ્રી આચાર્ય શ્રી અજેન્દ્રપ્રસાદજી મહારાજશ્રીના ચરણારવિંદમાં સમર્પિત

# શ્રી ગુરુપૂર્ણિમા મહોત્સવ

**તારીખ : ૭-૭-૦૯ અષાઢ સુદ - ૧૫ (ગુરુપૂર્ણિમા)**
**સમય : સવારે ૯ થી ૨**

-: ખાસનોંધ :-
દર્શન-પૂજન માટે આવનાર તમામ હરિભક્તો માટે
શ્રી રઘુવીરવાડી ખાતે મહાપ્રસાદની વ્યવસ્થા કરવામાં આવેલ છે.

-: સ્થળ :-
'આચાર્યશ્રી નિવાસ' રઘુવીર વાડી - વડતાલ.

-: સંપર્ક :-
પૂ. ઘનશ્યામસ્વામી - ૯૮૨૫૧ ૩૪૧૦૮,
પ.ભ. શ્રી નનુમામા - ૯૮૨૫૨ ૩૪૩૬૨





વેરાવળ (સોમનાથ)ને આંગણે પ.પૂ. લાલજી મહારાજશ્રીના સાંનિધ્યમાં યોજાયેલ મંદિરનો વાર્ષિક પાટોત્સવ (તા. ૨૭-૫-૨૦૦૯)





નેસડી(તા. સાવરકુંડલા)ને આંગણે યોજાયેલ શ્રી ગણપતિ-હનુમાનજીનો મૂર્તિ પ્રતિષ્ઠા મહોત્સવ (તા૨૮-૫-૦૯)





દેવરાજીયા(જી. અમરેલી)ને આંગણે પ.પૂ. લાલજી મહારાજશ્રીના સાંનિધ્યમાં યોજાયેલ સત્સંગ સભા (તા. ૨૮-૫-૨૦૦૯)





જૂનાગઢ ચૂંટણીમાં વિજેતા થયેલ ઉમેદવારશ્રીઓને આશીર્વાદ આપતા બંને પ.પૂ. લાલજી મહારાજશ્રી



**પ.પૂ. ધ.ધુ. ૧૦૦૮ શ્રી આચાર્ય મહારાજશ્રીના 'ગાદિ પટ્ટાભિષેક'ના રજત જયંતિ વર્ષમાં વિશ્વશાંતિ અને ભગવાન શ્રીહરિની પ્રસન્નતાર્થે આગામી આંતરરાષ્ટ્રીય 'શ્રી સ્વા. મહામંત્ર મહોત્સવ'ના ઉપક્રમે બોરિવલીને આંગણે મંદિરના પાટોત્સવ પ્રસંગે યોજાયેલ તૃતીય 'શ્રી સ્વામિનારાયણ મહોત્સવ' (તા. ૧૧ થી ૧૯-૫-૦૯)**

૧. બોરિવલી મંદિરમાં વિરાજમાન ઠાકોરજીની આરતી ઉતારતા પ.પૂ. લાલજી મહારાજશ્રી. ૨-૩. બોરિવલી શહેરના રાજમાર્ગો ઉપર નીકળેલ પ.પૂ. લાલજી મહારાજશ્રીની ભવ્ય શોભાયાત્રા. ૪. મહોત્સવના વક્તા શ્રી પૂ. સ્વામીને ભેટતા પ.પૂ. લાલજી મહારાજશ્રી. ૫. પ.પૂ. લાલજી મહારાજશ્રીનું સ્વાગત પૂજન કરતા મહોત્સવના આયોજક પૂ. કો. શ્યામવલ્લભદાસજી સ્વામી. ૬. પ.પૂ. લાલજી મહારાજશ્રીનું ૩૬ ફૂટના પુષ્પમાળાથી સ્વાગત કરતા શ્રી સ્વા. મંદિર - બોરિવલી ટ્રસ્ટીમંડળ. ૭. પખાવજવાદક પંડિત શ્રી ભવાનીશંકરજીનું સાલ ઓઢાડી સન્માનતા પ.પૂ. લાલજી મહારાજશ્રી. ૮. પ.પૂ. લાલજી મહારાજશ્રીના સાંનિધ્યમાં પોતાની કલા-કૌશલ્ય રજૂ કરતા પંડિત શ્રી ભવાનીશંકરજી. ૯. પખાવજવાદક શ્રી ભવાનીશંકરજીના ઘેરે પધરામણી કરતા પ.પૂ. લાલજી મહારાજશ્રી. ૧૦. પ.પૂ. લાલજી મહારાજશ્રીનું ૩૬ ફૂટના ચોકલેટ હારથી સ્વાગત કરતા બોરિવલીના સત્સંગી યુવાનો. ૧૧. કથા-પારાયણ અંતર્ગત ઠાકોરજીનો અભિષેક કરતા પૂ. સંતો તથા યજમાન પરિવાર. ૧૨. કથા-પારાયણ અંતર્ગત ઉજવવામાં આવેલ અન્નકૂટોત્સવ.



પ.પૂ. ધ.ધુ. ૧૦૦૮ શ્રી આચાર્ય મહારાજશ્રીના 'ગાદિ પટ્ટાભિષેક'ના રજત જયંતિ વર્ષમાં વિશ્વશાંતિ અને ભગવાન શ્રીહરિની પ્રસન્નતાર્થે આગામી આંતરરાષ્ટ્રીય 'શ્રી સ્વા. મહામંત્ર મહોત્સવ'ના ઉપક્રમે સરધારધામને આંગણે યોજાયેલ પાંચમો 'શ્રી સ્વામિનારાયણ બાળ-યુવા મહોત્સવ' (તા. ૨૧-૫-૦૯ થી ૨૪-૫-૦૯)

૧. વાર્ષિક પાટોત્સવ પ્રસંગે કેસરાદિક જળે કરીને ઠાકોરજીનો અભિષેક કરતા પ.પૂ. નાના લાલજી મહારાજશ્રી. ૨. મંદિરમાં પ્રતિષ્ઠિત શ્રી ઘનશ્યામમહારાજનું પૂજન-અર્ચન કરતા પ.પૂ. નાના લાલજી મહારાજશ્રી. ૩. અભિષેક બાદ શ્રી ઘનશ્યામમહારાજની આરતી ઉતારતા પ.પૂ. નાના લાલજી મહારાજશ્રી. ૪. પ.પૂ. નાના લાલજી મહારાજશ્રીનું પુષ્પમાળા અર્પણ કરીને સ્વાગત-પૂજન કરતા કથાના વક્તા પૂ. પૂર્ણસ્વરૂપદાસજી સ્વામી. ૫. પ.પૂ. નાના લાલજી મહારાજશ્રીના સાંનિધ્યમાં કથા-વાર્તાનો લાભ આપતા પૂ. સ્વામી. ૬. ઠાકોરજી, પોથીજીની આરતી ઉતારતા યજમાન પરિવારો. ૭. પ.પૂ. નાના લાલજી મહારાજશ્રીનું સ્વાગત કરતા પંચાબ્દી મહોત્સવના મુખ્ય યજમાન શ્રી રમેશભાઈ માનસેતા - ડોંબીવલી. ૮. પ.પૂ. નાના લાલજી મહારાજશ્રીના આશીર્વાદ પ્રાપ્ત કરતા વાર્ષિક પાટોત્સવના યજમાન શ્રી હેમંત-સચીનકુમાર - ડોંબીવલી. ૯. પ.પૂ. નાના લાલજી મહારાજશ્રીનું સ્વાગત કરતા કથા મુખ્ય યજમાન શ્રી ચંદ્રકાંતભાઈ મહેતા પરિવાર - ડોંબીવલી. ૧૦. પાટોત્સવ પ્રસંગે ઠાકોરજી સમક્ષ ધરાવેલ અન્નકૂટનું આરતી ઉતારતા પ.પૂ. નાના લાલજી મહારાજશ્રી. ૧૧-૧૨. પંચાબ્દી મહોત્સવનો લાભ લેતા ડોંબીવલી તેમજ મુંબઈ પરાવિસ્તારના ધર્મકુળ આશ્રિત ભક્તજનો.

Shree Swaminarayan Chintan, June - 2009   Reg. No. GRJ - 517, Valid upto 31-12-2011,  RNI No. GUJGUJ10785/06/1/03 - TC



શ્રી હરિકૃષ્ણ મહારાજ     શ્રી રાધારમણ દેવ

### જૂનાગઢ શ્રી સ્વામિનારાયણ મંદિરની ચૂંટણીમાં આચાર્ય શ્રી અજેન્દ્રપ્રસાદજી મહારાજશ્રીના આશીર્વાદથી

# દેવ-આચાર્ય-સંત અને સત્સંગીની પેનલનો ભવ્ય વિજય

સુપ્રસિદ્ધ શ્રી સ્વામિનારાયણ મંદિર જૂનાગઢમાં શ્રી રાધારમણ દેવ મંદિરની વહિવટી સમિતિની તા. ૩૧-૫-૨૦૦૯ના રોજ યોજાયેલ ચૂંટણીનું પરિણામજાહેર થતાં દક્ષિણ વિભાગ વડતાલ શ્રી લક્ષ્મીનારાયણ દેવ ગાદીના પીઠાધિપતિ પ.પૂ. ધ.ધુ. ૧૦૦૮ શ્રી આચાર્ય શ્રી અજેન્દ્રપ્રસાદજી મહારાજશ્રી અને પ.પૂ ૧૦૮ શ્રી લાલજી મહારાજ શ્રી નૃગેન્દ્રપ્રસાદજી મહારાજશ્રીના આશીર્વાદ લઈને દેવ-આચાર્ય-સંત અને સત્સંગીના પેનલના ઉમેદવાર ૧.  શ્રી શાંતિલાલ કાનજીભાઈ રતનપરા (માણાવદર) ૨. શ્રી રતિલાલ ભાનુભાઈ ભાલોડીયા (રાજકોટ) ૩. શ્રી નંદલાલભાઈ દલસુખભાઈ બામટા (બગસરા) ૪. શ્રી લીંબાભાઈ બાબુભાઈ ઢાંકેચા (સરધાર) ઉભા રહ્યા હતા. જેઓને આ ચૂંટણીમાં ચૂંટાયેલ જાહેર કરવામાં આવેલ છે.

જૂનાગઢ રાધારમણ દેવ વહિવટી ચૂંટણીમાં સમગ્ર શ્રી સ્વામિનારાયણ સંપ્રદાયના અનુયાયીઓ સંતો-હરિભક્તોની મીટ મંડાયેલ હતી. જેના પરિણામમાટે સમગ્ર સંપ્રદાય આતુરતાથી રાહ જોતો હતો. શ્રી સ્વામિનારાયણ સંપ્રદાયના ઉભા કરેલા ગાદીના પ્રશ્ને કહેવાતી સત્સંગ મહાસભાના શ્રીજીમહારાજ સ્થાપતિ સિદ્ધાંતોના વિરુદ્ધમાં મનસ્વી અને ગેરકાયદેસર નિર્ણયને સત્સંગી હરિભક્તોએ ઉથલાવી ફેંકી દઈ આ ચૂંટણીનું પરિણામજ એ સાબિત કરે છે કે, શ્રી સ્વામિનારાયણ સંપ્રદાયના સત્સંગીઓ આચાર્ય શ્રી અજેન્દ્રપ્રસાદજી મહારાજની સાથે છે. જૂનાગઢ પ્રદેશના સત્સંગી સમાજે આચાર્ય શ્રી અજેન્દ્રપ્રસાદજી મહારાજના આશીર્વાદથી ઉભી રહેલ પેનલને ભવ્ય વિજય અપાવીને, શ્રી સ્વામિનારાયણ સંપ્રદાયના કહેવાતા સાધુઓએ સારંગપુરમાં ભેગા થઈને કરેલા આચાર્યશ્રીને દૂર કરવાના મનસ્વી અને અધાર્મિક અને ગેરકાયેદર નિર્ણયનો આ જડબાતોડ જવાબ આપેલ છે. છેલ્લા ઘણા સમયથી જૂનાગઢ મંદિરમાં એક હથ્થુ વહિવટ અને મંદિરની ધાર્મિક તથા આર્થિક બાબતોમાં જે ગંભીર આક્ષેપો થયેલા અને જે બાબતે વહિવટી સમિતિએ સત્સંગ સમાજનો હૃદયની ભાવનાને તોડી તેનો પણ આ જવાબ છે. આ ચૂંટણી કરવામાં નામદાર ગુજરાતની વડી અદાલતના આદેશ અને હુકમથી નિયુક્ત ચૂંટણી અધિકારી શ્રી નીતિનભાઈ રામજીભાઈ કરકર દ્વારા ખૂબજ રસાકસી અને વિવાદાસ્પદ ગંભીર ચૂંટણીને શાંતિપૂર્વક પૂર્ણ કરી   જેથી સમગ્ર શ્રી સ્વામિનારાયણ સંપ્રદાયના સત્સંગીઓ, સરકારી અધિકારીઓ અને પોલીસ ડીમાર્ટમેન્ટ વગેરેએ મુખ્ય ચૂંટણી અધિકારી શ્રી નીતિનભાઈ કરકર દ્વારા કરવામાં આવેલ કામગીરીને બિરદાવેલ છે.



વિજેતા પેનલને ચૂંટાવા માટે જૂનાગઢ પ્રદેશના એક એક ગામડે સત્સંગીઓને હાકલ અને જાગૃત કરનારા પૂ. નિત્યસ્વરૂપદાસજી સ્વામી - સરધાર તથા પૂ. એસ.પી. સ્વામી - ગઢપુર, પૂ. લક્ષ્મીપ્રસાદદાસજી સ્વામી - બગસરા, કો. સ્વા. શા. ઘનશ્યામવલ્લભદાસજી - ગઢપુર, જૂનાગઢના સંતો તથા પૂ. પુરુષોત્તમચરણ શાસ્ત્રી - ઝુંડાલ, પૂ. હરિપ્રીય સ્વામી - જૂનાગઢ, પૂ. શ્રીહરિદાસજી સ્વામી - જાળિયા, પૂ. ભક્તિસંભવદાસજી સ્વામી - જેતપુર, પૂ. બાલમુકુંદ સ્વામી - સરધાર, પૂ. અદ્‌ભુતસ્વરૂપદાસજી સ્વામી - બગસરા તથા અન્ય નિષ્ઠાવાન સંતો તથા આગેવાન હરિભક્તોએ જૂનાગઢ પ્રદેશના દરેક સત્સંગીઓનો ખૂબ ખૂબ આભાર વ્યક્ત કરેલ છે.



સત્તાધારી પેનલના હારેલ ઉમેદવારોને  જીતાડવા માટે જૂનાગઢ ઉપરાંત ગુરુકુલના અને અન્ય મંદિરના ૨૦૦થી વધારે સાધુઓ ઘણા સમયથી રાત્રિ-દિવસ મહેનત કરતા હતા. અને ૨૫ વર્ષથી મૂળીયા નાંખી ગયેલ આ વહિવટકર્તાઓને ઉખેડવા માટે તેની સામે શ્રી સ્વામિનારાયણ સંપ્રદાયના જાગૃત અને નિષ્ઠાવાન હરિભક્તો દ્વારા જે જૂનાગઢ પ્રદેશના ગામડાઓમાં મહેનત કરેલ છે તે પણ દાદ માંગી લે તેવી છે.

જૂનાગઢના આ ચૂંટણી પરિણામથી સમગ્ર શ્રી સ્વામિનારાયણ સંપ્રદાયના વડતાલ, ગઢડા, જૂનાગઢ અને ધોલેરાના સત્સંગી હરિભક્તોમાં અને વિદેશમાં વસતા યુ.એસ.એ., યુ.કે., કેનેડા, ઓસ્ટ્રલિયા વગેરે દેશોના ધર્મકુળ આશ્રિત અને મૂળ સંપ્રદાયના મૂળ સિદ્ધાંતને અનુસરનારા સત્સંગીઓમાં એક ક્રાંતિ અને આનંદની લહેર ઊઠી છે. અને સમગ્ર શ્રી સ્વામિનારાયણ સંપ્રદાયના વ્યવહારિક અને આધ્યાત્મિક વિકાસ માટે પ.પૂ. ૧૦૮ શ્રી  નૃગેન્દ્રપ્રસાદજી મહારાજશ્રી(પ.પૂ. લાલજી મહારાજશ્રી)ના નેતૃત્વમાં આગળ વધવા માટે સંકલ્પબધ્ધ થયેલ છે. જ્યારે પ.પૂ. ૧૦૮ શ્રી નૃગેન્દ્રપ્રસાદજી મહારાજશ્રીએ આ વિજયને સત્ય, ધર્મ અને ભગવાન શ્રી સ્વામિનારાયણના સિદ્ધાંતોનો વિજય તથા પ.પૂ. ધ. ધુ. ૧૦૦૮ શ્રી આચાર્ય શ્રી અજેન્દ્રપ્રસાદજી મહારાજશ્રી તથા પ.પૂ. અ.સૌ. માતૃશ્રી(પૂ. ગાદીવાળાશ્રી)ના ત્યાગ અને તપનો તેમજ સંતો-હરિભક્તોની શ્રદ્ધા અને વિશ્વાસનો વિજય જણાવે છે.

વિજેતા ઉમેદવારોએ મુખ્ય ચૂંટણી અધિકારી શ્રી નીતિનભાઈ કરકર, જૂનાગઢ વહિવટી સમિતિના ટ્રસ્ટીશ્રીઓ, કોઠારીશ્રી, પોલીસ ડીમાર્ટમેન્ટ અને સરકારી અધિકારીશ્રીઓનો આભાર વ્યક્ત કરેલ છે.

Printed and Published by Swami Viraktswrupdasji on behalf of Sardhar and Printed at Shreeji Art, GF-12, Ashirvad Shopping Center, Ashram RD, Paldi - A'MD. and Published from Shree Swaminarayan Temple - Sardhar, Dist-Rajkot - 360025. Editor - Sadhu Patitpavandasji

Shreeji Art (079) 26580916, 9879606686